# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.14 - Issue 7
July 2021
Price 12/-





મરોલી ખાતે હાઈસ્કૂલમાં 'વૃક્ષારોપણ' કાર્યક્રમમાં આચાર્ય કૌશિકભાઈ અને અર્ચનાબેનને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મુકેશબેન.




દાહોદમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં સદ્‌ગુરુફાઉન્ડેશનના ડાયરેક્ટર શર્મિષ્ટાબેન, ડૉ. વનરાજભાઈ, બ્ર.કુ. કપિલાબેન, બ્રહ્માવત્સો.



ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસે' કેમ્પસમાં વિશેષ વૃક્ષારોપણની શરૂઆત કરતાં બ્ર.કુ. ડૉ. મુકેશભાઈ, બ્ર.કુ. વિનયભાઈ, બ્ર.કુ. વ્રજલાલભાઈ તથા બ્રહ્માકુમારી બહેનો.



અમરેલીમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' ઓમશાંતિ ગાર્ડનમાં વૃક્ષારોપણ કરતાં HDFC બેંકના મેનેજર ભ્રાતા અલ્પેશભાઈ તથા ડેપ્યુટી મેનેજર ભ્રાતા સુધીરભાઈ, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય.



શહેરા ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસે' કૉલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં આચાર્ય ભ્રાતા ડૉ. વિપુલભાઈ, NSS કૉઓર્ડીનેટર ડૉ. મિનેષભાઈ, ઉપાચાર્ય ભ્રાતા ડૉ. દિનેશભાઈ, વિદ્યાર્થીઓ સાથે બ્ર.કુ. રતનબેન.



છોટા ઉદેપુર ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના રોજ સેવાકેન્દ્ર પર વૃક્ષારોપણના કાર્યક્રમમાં આગંતુકો સાથે બ્ર.કુ. મોનિકાબેન.



વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર પર રાજયોગિની સરલાદીદીના દ્વિતીય સ્મૃતિદિવસે શ્રધ્ધાંજલી આપતાં બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ સરિતાબેન.



સાઘલી સેવાકેન્દ્ર દ્વારા કોરોના મહામારીના સમયે જરુરિયાતમંદોને અનાજની કીટ આપતાં બ્ર.કુ. જ્યોતિબેન, બ્ર.કુ. પારૂલબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૪ જુલાઈ-૨૦૨૧ અંક : ૦૭

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- મનજીત ........................................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..08
- દીદી મનમોહિનીજી ........................બ્ર.કુ. રામલોચન ..11
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન ..13
- સુરક્ષા કવચ ..............રાજયોગિની બ્ર.કુ. સરલાદીદી ..14
- અધધધ કલ્પભરની કમાલ .................બ્ર.કુ. કિશોર ..17
- સ્મરણાંજલિ ............................બ્ર.કુ. ગોદાવરીબેન ..19
- જ્ઞાન મુરલી - વિશ્વ નાટક ..............બ્ર.કુ. વિવેકાનંદ ..20
- મુરલીની દીવાની ગોપીવલ્લભની .............બ્ર.કુ. હેમંત ..22
- યજ્ઞના વિશેષ શ્રૃંગાર .......................બ્ર.કુ. પાયલ ..25
- મનજીત .......................................બ્ર.કુ. મધુબેન ..26
- જ્ઞાનથી ઈશ્વરીય જ્ઞાન સુધી .................બ્ર.કુ. અનિલ ..28
- 21મા વર્ષનો પુરુષાર્થ .......................બ્ર.કુ. કેશુભાઈ ..30
- 21મી સદીની 21મી સાલ .....................બ્ર.કુ. કિશોર ..31
- જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ ..............બ્ર.કુ. સતીદેવી ..32
- દિવ્યદર્શન ...............................બ્ર.કુ. નંદિનીબેન ..33



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **71120100007677**

Bank Name : **BANK OF BARODA, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# મનજીત

રાજયોગી જીવનમાં સિદ્ધિઓના શિખરે પહોંચવા માટે મનને જીતવાનો પુરુષાર્થ કરવાની અતિ આવશ્યકતા છે. શરીરનાં સર્વ અંગોની સારવાર ભિન્ન ભિન્ન નિષ્ણાત ડોક્ટરો દ્વારા થાય છે. મસ્તિષ્કની પણ સારવાર થાય છે. પણ મનની સારવાર તો માત્ર સર્વશક્તિવાન પિતા પરમાત્મા જ કરી શકે છે.

મનની ગતિવિધિઓનું તટસ્થભાવે અવલોકન કરવાની જરૂર છે. મનને જીતવા માટે સર્વાંગી શક્તિશાળી પુરુષાર્થની જરૂર છે. માટે જ ગીતાકારે અધ્યાય - ૬ના શ્લોક ૩૫માં યથાર્થ કહ્યું છે કે,

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्।
अभ्यासेन तु कौन्तय वैराग्येण च गृह्यते॥

અર્થાત્ **‘હે મહાબાહો ! ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે. તો પણ હે કૌંતેય અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે.’**

રાજયોગના સાધકે મનને જીતવાના પુરુષાર્થ સંદર્ભમાં ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં પોતાના મનની સ્થિતિ કેવી રહે છે? તેનું વિશ્લેષણ કરી સ્વયંનું મૂલ્યાંકન કરવું પડે છે.

- નિંદા-સ્તુતિ, માન-અપમાન, જય-પરાજય, લાભ-હાનિ, સુખ-દુ:ખ વગેરેમાં મનની સ્થિતિ કેવી રહે છે ?
- મનપસંદ બ્રાન્ડનાં વસ્ત્રો, પગરખાં, સૌન્દર્ય સાધનો, ફર્નીચર, વાહન, ખાદ્ય પદાર્થો, સુવિધાઓ વગેરેની પ્રાપ્તિ સમયે અને તેના અભાવના સમયે મારું મન કેવો પ્રતિભાવ આપે છે ?
- નિકટનાં સ્વજનો, મિત્રો, સંબંધીઓના અવસાન પ્રસંગે ડ્રામા અનુસાર મનની અવસ્થા કેવી રહે છે ?
- પદ-પ્રતિષ્ઠા, યશ-કીર્તિ, માન-સન્માન, પ્રસિદ્ધિ - પુરસ્કાર વગેરે મળવાના સમયે અને તેનાથી વિપરીત પરિસ્થિતિમાં મન કેવી સ્થિતિમાં રહે છે ?
- લોહીના સંબંધો, લૌકિક સંબંધીઓ, બ્રહ્માવત્સો, સેવા સાથીઓ, નિમિત્ત આત્માઓ, વિશિષ્ટ પ્રતિભાઓ સાથેના વ્યવહારમાં મન કેવાં વલણો અપનાવે છે ?
- રોગ, બીમારી, સ્વાસ્થ્યની તકલીફો વગેરે બાબતોમાં મારું મન કેવી અનુભૂતિ કરે છે ?

ઉપરની પ્રશ્નાવલીને અશરીરી અવસ્થામાં, તટસ્થભાવે, સૂક્ષ્મ રીતે તપાસવાથી આપણા મનની ગતિનો ગ્રાફ જોવા મળે છે. તેના સ્વયં આપેલા માર્કસના આધારે પુરુષાર્થની પગદંડીએ પગરણ માંડી શકાય છે. ગીતાકારે કહ્યું છે કે,

‘योगयुक्तो विशुध्धात्मा विजितात्मा जितेन्द्रियः’

અર્થાત્ **‘જેનું મન પોતાને વશ છે તે જિતેન્દ્રિય છે.’** સ્વસ્થ મન સુખ, શાંતિ અને દિવ્યાનંદની અનુભૂતિ કરાવી શકે છે. આપણે ત્યાં વાતવાતમાં કહેવાય છે કે **મન ચંગા તો કથરોટમાં ગંગા.** જો મન પવિત્ર છે તો કથરોટના પાણીમાં પણ ગંગાજળની અનુભૂતિ કરી શકાય.

ફિલ્મી કવિઓએ પણ ગીતો લખીને મનને અભિવ્યક્ત કરવાનો પુરુષાર્થ કર્યો છે. યજ્ઞના પ્રારંભમાં ચૌદ વર્ષની તપસ્યાથી તત્કાલીન બ્રહ્માવત્સો - દાદીઓએ મનને જીતીને આપણી

સમક્ષ એક ઉચ્ચ આદર્શ પ્રસ્તુત કર્યો છે. ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ અને પરીક્ષાઓમાં તેમની સ્થિતિ અચલ, અડોલ અને સ્વસ્થ રહી. આજેય તે જોઈ શકીએ છીએ.

બાબા કહે છે, **'મન અને બુદ્ધિ સદા શક્તિશાળી છે તો સ્થિતિ શક્તિશાળી બનશે. આવી શક્તિશાળી સ્થિતિવાળા સદાયે અચલ અડોલ રહેશે.** (૨૦-૧૨-૧૯૯૨)

જીવનમાં પરિસ્થિતિઓ તો આવવાની છે પણ ધીરજ અને હિંમત રાખીને મનને સ્વસ્થ રાખવું, મનોવિકારોને જીતવા તે સાધકનું લક્ષ્ય છે. વાસનાના ક્ષય વિના અક્ષયની આરાધના અધરી છે. બાબાએ મનને વશ કરવા માટે 'मन्मनाभव' - અર્થાત્ **તું મારામાં મનવાળો થા.** નો મંત્ર આપ્યો.

મીઠા બાબાએ આપણને રાજયોગી જીવનની મર્યાદાઓ અને નિયમોનું વિસ્તૃત જ્ઞાન આપ્યું છે. જે ઈશ્વરીય શ્રીમતને સંપૂર્ણ રીતે અનુસરે છે, જેની દિનચર્યા નિયમિત અને ચોકસાઈવાળી છે તેનું મન સ્વસ્થ રહે છે. આપણું મન એ દર્પણ છે. મનના ભાવો ચહેરા ઉપર અવશ્ય અભિવ્યક્ત થાય છે. મન, બુદ્ધિ અને સંસ્કાર દ્વારા અભિવ્યક્તિ થાય છે.

**મનની શક્તિ જ્યારે વ્યર્થતાથી નબળી પડે છે ત્યારે મન માયાને આધીન થઈ જાય છે. તેની ખુશી નષ્ટ થઈ જાય છે. ઉદાસીનતા એના ઉપર આધિપત્ય ભોગવે છે. મન નિર્બળ થતાં જ સંગદોષનો એના ઉપર પ્રભાવ પડે છે. વિકારી સ્વભાવ સંસ્કારોને વશીભૂત મન દિવ્ય શક્તિઓ ગુમાવી દે છે. જ્યારે આંતરિક સ્થિતિ શક્તિશાળી રહેતી નથી ત્યારે સર્વ પ્રકારની વિપરીત પરિસ્થિતિઓ જન્મે છે.**

સાધનાપથમાં મનોનિગ્રહ એ મૂળભૂત બાબત છે. મન સતત ચાલતું જ રહે છે. તેને આધ્યાત્મિક પુરુષાર્થથી સ્થિર, સ્વસ્થ રાખવા માટે સતત ચોકસાઈ રાખવી પડે છે. જીવનમાં બ્રહ્માવત્સ બનવાનું લક્ષ્ય સ્વીકાર્યું છે તો તેમાં સતત ઊર્ધ્વગતિ થયા કરે તે માટે દૃઢ મનોબળની જરૂર છે. ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ સંજોગોમાં પણ મન બુદ્ધિને સ્થિર, સ્વસ્થ રાખી શકાય તે માટે જાગૃત, સઘન પુરુષાર્થની આવશ્યકતા છે.

## મનને જીતવાનો પુરુષાર્થ

### (૧) માસ્ટર સર્વશક્તિવાનની સ્થિતિ

મીઠા બાબાએ આપણને માસ્ટર સર્વ શક્તિવાનનું ટાઈટલ, સ્વમાન આપીને શક્તિશાળી બનવાનું શ્રેષ્ઠ શસ્ત્ર આપ્યું છે. મીઠા બાબા કહે છે, **'માસ્ટર સર્વશક્તિવાન' એ સ્થિતિ કંઈ સામાન્ય નથી. આ શ્રેષ્ઠ સ્થિતિ પણ છે. સાથે સાથે ડાયરેક્ટ પરમાત્મા દ્વારા મળેલું પરમ ટાઈટલ પણ છે. ટાઈટલનો નશો કેટલો રાખો છો, ટાઈટલ કેટલું કાર્ય સફળ કરી દે છે. તો આ પરમાત્મ ટાઈટલ છે. એમાં કેટલી ખુશી અને શક્તિ ભરેલી છે.'** (૨૯-૧૦-૧૯૮૭)

માસ્ટર સર્વશક્તિવાન બનવા માટે હાલતાં ચાલતાં, કાર્ય વ્યવહાર કરતાં યાદની સ્થિતિ નિરંતર જળવાઈ રહે, તો માસ્ટર સર્વશક્તિવાન બનવાનું સરળ બને છે. માસ્ટર સર્વશક્તિવાન બનવાનો પુરુષાર્થ કરનારે કદી મુરલીથી વંચિત ના રહેવું પણ મીઠાં દાદીઓને અનુસરી દિનમાં બે-ત્રણ વાર તેનું અધ્યયન કરવું. પરમાત્માની સર્વશક્તિઓને યાદ કરી તેનું ચિંતન કરી તે શક્તિઓ સ્વયંમાં આવે તે માટે પુરુષાર્થ કરવો.

### (૨) મનન ચિંતન

દાદી જાનકીજી નિરંતર મનન ચિંતનમાં વ્યસ્ત રહી બ્રહ્માવત્સોને જ્ઞાન રત્નોથી વિભૂષિત કરતાં હતાં. મનન ચિંતનમાં વૈવિધ્ય છે. તેથી

માનસિક શક્તિઓનો વિકાસ તો થાય છે જ સાથે સાથે જ્ઞાનમંથન - વલોણાં દ્વારા જ્ઞાનરત્નોનું શક્તિશાળી માખણ મેળવી શકાય છે. જેને વાંચનનો સતત અભ્યાસ હોય છે તેને મનોમંથન કરવાનું સહજ બની જાય છે. તેથી કલ્પનાશક્તિ, વિશ્લેષણ શક્તિ, વર્ણન શક્તિ, અભિવ્યક્તિની કલા આદિનો પણ વિકાસ થાય છે. મન-બુદ્ધિ સદા આવા શ્રેષ્ઠ, કલ્યાણકારી, હકારાત્મક ચિંતનમાં વ્યસ્ત રહે છે, તો મનને જીતવાનું સરળ બને છે.

**(૩) દૃઢ મનોબળ**

દૃઢ મનોબળ એ સફળતાની ચાવી છે. વિચાર કરીને જે નિર્ણયો કર્યા હોય તેને વળગી રહેવું. તેમાં સંશય રાખ્યા વિના પુરુષાર્થ કરવો. બાબાએ પરમાત્માનું કાર્ય સ્વીકાર્યું તે પછી કેટલી બધી પરીક્ષાઓ તેમની સામે આવી. પણ બાબા ડગ્યા નહીં. અસ્વસ્થ બન્યા નહીં કે પોતાના ધ્યેયમાં ઢીલા પડ્યા નહીં. પણ દૃઢ મનોબળ જાળવી રાખ્યું. એ રીતે ગુણો, શક્તિઓની ધારણા માટે જે પુરુષાર્થ કરવાનો હોય તેમાં દૃઢ મનોબળ અતિ આવશ્યક છે. **તપ વિના સિદ્ધિઓ સાંપડતી નથી.**

**(૪) મનસા સેવા**

મનને જીતવાની શ્રેષ્ઠ કળા છે. મનસા સેવા. બાબા કહે છે કે **'હવે દરેક બ્રહ્માવત્સ એ સંકલ્પ કરે કે આપણે શાંતિનાં, શક્તિનાં કિરણો વિશ્વમાં ફેલાવવાનાં છે. તપસ્વીમૂર્ત બનીને રહેવાનું છે. મનસા શુભભાવનાથી એક બીજાના સહયોગી બનીને આગળ વધવાનું છે અને આગળ વધારવાનાં છે.**

મનસા સેવા દ્વારા સકાશ આપવાની મહત્ત્વપૂર્ણ સેવા કરવાની છે. વાયુમંડળમાં શુભ, શ્રેષ્ઠ, સ્નેહનાં પ્રકંપનો ફેલાવવાની સેવા કરવાની છે. મૌન રાખવું અને નિરંતર મનમાં શુદ્ધ સંકલ્પોનો પ્રવાહ મનસા સેવાને પરિણામલક્ષી બનાવે છે. વિશેષ અમૃતવેળા, સાયંકાળે આ અભ્યાસ કરવાથી મનને જીતવું સરળ બને છે.

**(૫) સિદ્ધિસ્વરૂપ સ્થિતિ**

મનને જીતવાનો પુરુષાર્થ એ સિદ્ધિ સ્વરૂપ બનવાનો પુરુષાર્થ છે. જેના દ્વારા પ્રત્યક્ષફળની અનુભૂતિ કરી શકીએ છીએ. જે સાધક સમર્થ સંકલ્પ કરે છે તેને સિદ્ધિ મળે છે. મનને જીતવા મન, વાણી અને કર્મની એકરૂપતા જરૂરી છે. બાબા કહે છે, **'મહાવીર આત્માઓના મુખથી જે આવવાનું પરિણામ હશે અર્થાત્ જે થવાનું હશે, સદૈવ એ જ શબ્દ મુખમાંથી નીકળશે. તો ભાવિ બનેલું છે એને જ સિદ્ધિ સ્વરૂપ કહેવામાં આવે છે.'** (૭-૦૨-૧૯૭૬)

યોગાભ્યાસ વધતાં, પુરુષાર્થમાં તીવ્રતા થતાં માસ્ટર શાંતિદાતા ફરિસ્તા સ્વરૂપની સ્થિતિનો અનુભવ થાય છે. મર્સીફુલ, રહેમદિલ બનીને માસ્ટર વિશ્વ કલ્યાણકારી સ્થિતિની અનુભૂતિ થાય છે. કથની અને કરણીની સમાનતાથી, દિવ્ય ગુણોની સંપૂર્ણ ધારણાથી આત્માઓને નજરથી નિહાલ કરવાની સિદ્ધિ સાંપડે છે. ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં વિઘ્ન વિનાશક સ્થિતિથી વિઘ્નોને દૂર કરી શકાય છે. અંતઃવાહક અર્થાત્ અંતિમસ્થિતિ શક્તિશાળી બને છે. જ્વાલાસ્વરૂપ યોગથી રુહોને રાહત આપવાથી અનેક આત્માઓની દુઆઓ મળે છે. જે સિદ્ધિસ્વરૂપ બનાવે છે.

મહામનીષી ચાણક્ય કહે છે 'मनः एवं मनुष्याणां कारणं बंधन मोक्षयो' અર્થાત્ **મન જ મનુષ્ય માટે બંધન અને મુક્તિનું કારણ બને છે.** મન, બુદ્ધિ, સંસ્કાર સહિત ચૈતન્યશક્તિ આત્મા જો શ્રેષ્ઠ, દૃઢતા સંપન્ન પુરુષાર્થ કરે તો તે સર્વ વ્યર્થ

સંકલ્પો, વિકારોનાં સૂક્ષ્મ બંધનોથી મુક્ત થઈ વિદેહી સ્થિતિનો અનુભવ કરે છે. પ્રમાદી મન બંધનમાં બાંધે છે.

ભિન્ન ભિન્ન પ્રકારનાં વ્યસનો, વિકારો, દુર્વૃત્તિઓના બંધનોમાં જકડાઈને દુઃખ, અશાંતિ, હતાશા, નિરાશાનો અનુભવ કરી હલકી કક્ષાનું જીવન જીવનાર લોકો જ્યારે જ્ઞાન-યોગથી પ્રભાવિત થાય છે ત્યારે તેઓ સર્વ દૂષણોથી મુક્ત બની દિવ્યજીવનની અનુભૂતિ કરી જીવનને સફળ, ધન્ય બનાવે છે. માટે જ કહેવાયું છે કે મન કે હારે હાર, મન કે જીતે જીત.

મીઠા બાબા સિદ્ધિ સ્વરૂપ અવસ્થા માટે કહે છે, **'માસ્ટર સર્વશક્તિવાનના દરેક સંકલ્પમાં એટલી શક્તિ છે કે જે સમયે તે જે ઈચ્છે તે કરી શકે છે અને કરાવી પણ શકે છે. કારણ કે એના સંકલ્પ સદા શુભ, શ્રેષ્ઠ અને કલ્યાણકારી હશે. તો જ્યાં શ્રેષ્ઠ કલ્યાણના સંકલ્પ છે તે સિદ્ધ અવશ્ય થાય છે અને માસ્ટર સર્વશક્તિવાન હોવાને લીધે મન કદી માલિક (આત્મા)ને દગો નહીં દઈ શકે, દુઃખનો અનુભવ કરાવી શકે નહીં. મન એકાગ્ર અર્થાત્ એક ઠેકાણા ઉપર સ્થિત રહે છે. ભટકતું નથી. જ્યાં ઈચ્છો, જ્યારે ઈચ્છો મનને ત્યાં સ્થિર કરી શકો છો. મન કદી ઉદાસ (માયાનું દાસ) બની શકશે નહીં કારણ કે તે સેવાધારી દાસ બની જાય છે. આ છે મનની શક્તિ જે અલૌકિક જીવનમાં વારસા યા વરદાનથી મળે છે.'** (૨૯-૧૦-૧૯૮૭)

આપ મનને જીતવાના પુરુષાર્થમાં જ્વલંત સફળતા મેળવો એવી શુભકામના સાથે વિરમું છું.

**॥ ઓમશાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

**(પેજ નં. 13નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**

આ વાતથી સ્વયંને કહી શકું છું. જો આપણે સ્વયંને ઠીક કર્યા તો હવે કંઈ ગરબડ થવાની નથી. તો સમજો ગરબડ થઈ જ જાય તો વિચારોનું જે સ્તર ઉત્પન્ન થાય છે, પછી તે શ્રૃંખલા બની જાય છે. વિશેષકર જો નકારાત્મક વાળા વિચાર ક્યા પ્રકારના છે. આપણે એના માટે જાગરુક હોતા નથી. આવા સંકલ્પ બહુ તીવ્ર ચાલે છે. જાણે કે હવે કંઈ નહીં થાય. બાળકો ઉઠ્યાં છે કે નહીં, બસ તો આવશે નહીં. જલ્દી કરો ને. આ પ્રકારે મનમાં અરાજકતાની ભાવના પેદા થાય છે.

આપણે આખો દિવસ જોઈએ કે આપણા સંકલ્પોની ગુણવત્તા કેવી છે? આખો દિવસ સ્વયંની સાથે એ આંતરિક વાર્તાલાપ ચાલી રહે છે. આ ઘણા ખરાબ છે, એણે આવું ના કરવું જોઈએ. આ ઘણા સારા છે. એમની પાસે જે છે તે મારી પાસે નથી. અંદર આ શું થઈ રહ્યું છે આપણે કોની સાથે વાતો કરીએ છીએ ? આપણે આખો દિવસ પોતાના મનની સાથે વાતો કરીએ છીએ. જો મોડું થઈ ગયું તો કોઈ વાત નહીં. એનો પ્રભાવ મારા આગળના કાર્ય પર ના પડે, એટલે એના માટે એક મિનિટ થોભીને અંતર્મન સાથે યોગ્ય વાર્તાલાપ કરીએ. આ પ્રકારના વાર્તાલાપનો પ્રભાવ આપણા આખા દિવસ પર પડે છે. એટલે સવારે ઉઠવાની સાથે સકારાત્મક સંકલ્પ કરીએ અને પોતાના મનને સંતુલિત રાખો.

**॥ ઓમશાંતિ ॥**

- **વિસ્તારને ના જોતાં સારને જુઓ અને સ્વયંમાં સમાવી લો આ તીવ્ર પુરુષાર્થ છે.**
- **જેની પાસે પવિત્રતાનો સર્વશ્રેષ્ઠ ખજાનો છે તે સૌથી મોટો ધનવાન છે.**

## અમૃતધારા

# વિચાર - વિવેક - અનુભવ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



ત્રણ વાતો બ્રાહ્મણો (બ્રહ્માવત્સો) માટે સદા સાથે હોય છે :(૧) વિચાર (૨) વિવેક અને (૩) અનુભવ. કોઈ પણ પ્રશ્ન ઊઠે છે તો વિચાર થાય છે. પછી વિવેક શું કહે છ અને અનુભવ શું કહે છે તે જોવાનું રહે છે. દરેક સમયે દરેકની પાસે આ ત્રણ વાતો સદા સાથે હોય છે. વિચારોમાં દિનપ્રતિદિન પરિવર્તન આવતું જાય છે. વિવેક જાગતો જાય છે. જેટલી વિચારધારા ઉચ્ચ હોય છે, તેટલો સ્વયંમાં આત્મવિશ્વાસ વધતો જાય છે. બાબા (પરમપિતા શિવ પરમાત્મા)માં નિશ્ચય થાય છે. જ્ઞાનમાર્ગ સહજ લાગે છે. મંઝિલ ઘણી ઊંચી છે પરંતુ આગળ ધપવું સહેલું લાગે છે. જ્યારે કાળનું જ્ઞાન આવી ગયું તો જ્ઞાનથી આગળ ધપવું સહજ લાગે છે. એક બાબાની યાદ બીજી સર્વ વાતો સમાપ્ત કરી દે છે. દૃષ્ટિ ઉપર તરફ જાય છે. આત્મા સ્વયંને અશરીરી સમજી કર્મેન્દ્રિયજીત, માયાજીત અને પ્રકૃતિજીતનો અનુભવ કરે છે. આદિમાં શું છીએ, મધ્યમાં શું થયું અને છેવટે અંતમાં શી ગતિ થઈ. એનો સંપૂર્ણ આયનો બાબાએ આપ્યો છે. એ જાણવા મળ્યું કે પરમાત્માથી દૂર જવાને કારણે દેહઅભિમાની બન્યા. રાવણે પ્રહાર કરી દીધો. હવે રાવણ રાજ્ય પર જીત મેળવવા માટે સૌ પ્રથમ કર્મેન્દ્રિયો ઉપર વિજય મેળવવો પડે. જ્યારે આ કર્મેન્દ્રિયો શ્રેષ્ઠ કર્મ કરવા લાગે, ત્યારે બાબાની યાદ સારી રીતે રહે. કારણ કે આ કર્મેન્દ્રિયો દ્વારા ઘણાં વિકર્મો કરવામાં આવ્યાં છે. હવે આ કર્મેન્દ્રિયો દ્વારા કોઈ પણ વિકર્મ ન થાય. કર્મેન્દ્રિયજીત બનવું એટલે એવું નહીં કે કર્મ કર્યા સિવાય એકલા બેસી રહેવું. પરંતુ કર્મેન્દ્રિયો દ્વારા કોઈ વિકર્મ ન થાય. કાન દ્વારા કે મુખ દ્વારા કોઈ વિકર્મ ન થાય. જે વાત કામની ન હોય, તે સાંભળશો નહીં. આ આંખોથી નકામી ચીજો જોશો નહીં.

કોઈ કોઈ પ્રશ્ન પૂછે છે કે એક પરિવારમાં ચાર જણા રહે છે. ટેલીવિઝન એકને સારું લાગે છે. બીજાને સારું લાગતું નથી. હવે શું થાય? એક ચાલુ કરીને બેસી જાય, બીજા નારાજ થાય. ચાલુ કરશે પણ ક્યારેય બંધ નહીં કરે. આ પણ કર્મેન્દ્રિયો દગો આપે છે એમ થયું. જીત થઈ નહીં. શાણા એને કહેવાય જે એકબીજાની ઉન્નતિનો ખ્યાલ રાખે. જો હું મારી ઉન્નતિ ન કરી શકું, તો બીજાની ઉન્નતિનો તો ખ્યાલ રાખું, તેને મદદ કરું. કોઈ ને કોઈ વાત સારી ન લાગે, તો હું તે ન કરું. ક્યારેય કોઈ નકામાં પુસ્તકો, વાર્તાનાં (નવલકથાનાં) પુસ્તકો ન વાંચો, બેફિકર (ચિંતાવગરના) બાદશાહ બનવા માટે આપણે કર્માતીત બનવાનું છે. સંપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. સ્વ ઉન્નતિની સાથે સાથે, અન્યની ઉન્નતિ કેવી રીતે થાય, વાતાવરણ શુદ્ધ કઈ રીતે થાય તે જોવાનું છે. જેથી બીજાઓનું વ્યર્થ ચિંતન બંધ થઈ જાય. આવી ઉન્નતિની સેવા કરનારને વ્યર્થ સાંભળવા કે વાંચવાનો સમય જ હોતો નથી. એટલે બાબા કહે છે સંગની પણ સાવચેતી રાખો. કોઈનો રંગ લાગી જાય તેવો સંગ ન કરો. સત્ પિતાનો સંગ આપણને અશરીરી બનાવે છે. સર્વગુણ સંપન્ન બનાવે છે. સર્વ ખામીઓ દૂર કરી દે છે. આવા સંગના રંગમાં રહું. આવો સંગ મારા સમોવડિયાંને આપું. કારણ કે જ્યારે

કર્મેન્દ્રિયજીત બનાશે ત્યારે માયાજીત બનાશે. કોઈને માયાનાં તોફાનો કેમ આવે છે ? સહનશીલતાનો અભાવ કેમ છે ? ઈર્ષ્યાભાવ કેમ છે ? કારણ કે કર્મેન્દ્રિયો પર વિજય મેળવ્યો નથી. ફાલતું ચિંતન કરે છે, ફાલતું બોલે છે તો સહનશીલતા આવતી નથી. પછી માયા લજામણી બનાવી દે છે. મડદું બનાવી દે છે. તો માયા ક્યાંથી આવે છે ? કર્મેન્દ્રિયોએ દગો દીધો એટલે માયા આવી ગઈ. કર્મેન્દ્રિયો ઉપર વિજય મેળવો. બેફિકર બાદશાહ બનો. આખો દિવસ ચેક કરો કે મારી દૃષ્ટિમાં રુહાનિયત ક્યાં સુધી આવી છે ? દરેકને આત્મા તરીકે જુઓ, કોઈના દેહને જોશો નહીં. દેહને જોશો, તો તેના સ્વભાવ, સંસ્કાર દેખાશે. એટલે આત્માને જુઓ. તો દૃષ્ટિમાં પ્રેમ જન્મશે. ખ્યાલ કરો, વિવેક શું કહે છે. હું કોઈનું શરીર જોઉં છું તો એનો ભાવ સ્વભાવ સર્વ યાદ આવી જાય છે. આત્મા જુઓ તો સર્વ બદલાઈ જશે. દૃષ્ટિ પાવન થઈ જશે. સર્વનું કલ્યાણ કરવાની ભાવનાવૃત્તિ, દૃષ્ટિમાં મજબૂત બની જાય છે. દૃષ્ટિ બદલવાથી સૃષ્ટિ બદલાઈ જાય છે.

મનકલ્પિત વાતો વિચારવાની પણ ઘણી માયા છે. વાત ઘણી નાની હશે પણ તેને ઘણી મોટી બનાવી દેશે. એણે એને આ કહ્યું હશે, એટલે આમ થયું હશે, આમ જાણી સમજીને માયાનાં તોફાનો લાવીને સ્વયંને પરેશાન કરે છે. તો મન કલ્પિત વાતો સ્વયંને અને અન્યને ઘણી દુ:ખી કરે છે. એટલે બાબા કહે છે સ્વયંને પરેશાન કરે છે. તો મન કલ્પિત વાતો સ્વયંને અને અન્યને ઘણી દુ:ખી કરે છે. એટલે બાબા કહે છે સ્વયંને રૂપ વસંત (યોગી-જ્ઞાની) સમજો. જેને જુઓ તે દૃષ્ટિથી ધન્ય બની જાય. મુખથી એવાં વચન બોલો, જ્ઞાનવર્ણન કરો જેથી બાબા સાથે સંબંધ જોડાઈ જાય. જ્યારે આત્મા-દિલથી 'બાબા' કહે છે ત્યારે એ ઘડીએ રુહાનિયત (આત્મિક સ્થિતિ)નો અનુભવ થાય છે. દેહભાન સમાપ્ત થઈ જાય છે. જેને બાબાનો સત્ય પરિચય છે, બાબામાં વિશ્વાસ છે એને માટે દુનિયાની કોઈપણ વાત દુ:ખી કરતી નથી. દુનિયામાં ગમે તે હોય. વિવેક કહે છે એની સામે બાબા હશે. જ્યારે બાબા સામે છે તો ચિંતાનું કોઈ કારણ નથી. એમ લાગે છે કે આ તો થવાનું હતું. આપણા માટે તે (સમસ્યાઓ) કોઈ મોટી વાત નથી. બાબાએ આપણને કહેલું જ છે કે બાળકો, વિનાશ તો થશે જ. તે પહેલાં આપણે બાબા પાસેથી વારસો લેવાનો છે. વિનાશ ક્યારે થશે તે કદી ના વિચારો. વિનાશ પહેલાં સંગમયુગ પર બેફિકર (ચિંતામુક્ત) રહેવાની બાદશાહી લઈ લો.

વિચાર, વિવેક અને અનુભવ કહે છે કે જેને બાદશાહીનો નશો ચઢેલો છે તેના ઉપર ક્યારેય દુ:ખની અસર થતી નથી. તે કર્મેન્દ્રિયજીત, માયાજીત અને પ્રકૃતિજીત છે. બાબા બાદશાહીનો નશો ચઢાવે છે પણ તે નશો કોણ ઉતારી દે છે ? ક્યારે કોઈ કર્મેન્દ્રિયની ચંચળતા, માયાનો દગો, સંગનો રંગ છે. એની લપેટમાં આવી જવાથી નશો ઊતરી જાય છે. ખોટાં ગપ્પાં મારવાની આદત પડે, ફાલતુ વાતો સાંભળવાની, સંભળાવવાની આદત પડી તો તે અવસ્થા રહી શકતી નથી. થોડું પણ ફાલતું વાતોમાં આવવું એટલે અવસ્થાને ડગમગ કરવી. એટલે બાબા કહે છે ખબરદાર. પોતાના ઉપર ધ્યાન રાખો કે ક્યારેય કોઈ કર્મેન્દ્રિય દગો તો નથી દેતીને ? કોઈના દગાના ભોગ તો નથી બનતાને ? કોઈના ભાવ સ્વભાવને જોતાં પણ અસર થાય છે. સ્વભાવ બીજાનો પણ ભારે તાણયુક્ત આપણે બનીએ છીએ. તેથી જિંદગીમાં આનંદ રહેતો નથી. સેવાનો ઉમંગ, ઉત્સાહ રહેતો નથી. કારણ ? ભાવ સ્વભાવની અસર થાય છે. બાબા ભૂલાઈ જાય છે. પૂછીએ તો ભારેબોજપૂર્ણ દેખાશે. એટલે વિચાર સદા શ્રેષ્ઠ હોવા જોઈએ. વિવેક કહે છે આપણે મર્યાદા અનુસાર ચાલવાનું

છે, વર્તવાનું છે. ખરાબ વિચારો કરવાથી આત્મા ડંખે છે. પછી કહીએ છીએ કે કોણ જાણે મને શું થાય છે. ઊંડાણમાં જાઓ તો ખબર પડે. વિવેકવાન તરત જ પોતાની આંતરિક સ્થિતિ કેવી છે તે પારખી જાય છે. કોઈની વાતની અંદર અસર થાય છે. નાનકડો કાંટો પણ વધારે પીડા આપે છે. કોઈને દુઃખ આપ્યા છતાં દિલગીર (સોરી) કહેતા નથી. મારી ભૂલ છે એમ કબૂલ કરતા નથી. પછી આત્મા ડંખે છે. બહારથી કોઈ ગમે તેટલું છુપાવે પણ અંતરાત્મામાં તેનો ડંખ થાય છે. એકવાર પરમાત્માના દિલથી ઊતરી ગયા, તો આગળ વધી શકશો નહીં. દુનિયાનાં સર્વ સંબંધી દગો કરનારાં છે. એક પરમાત્મા પિતા સદા સુખ આપનારા છે. આપણે કોઈ ભૂલ કરીશું તો દુનિયાના લોકોને મનાવી લઈશું પણ ભગવાનને મનાવી શકીશું નહીં. તે ઘણું કપરું છે. તેથી જો સંપૂર્ણ બનવાનું લક્ષ્ય હોય, તો બધો સમય એ લગનીમાં રહેવાનું છે. સંપૂર્ણ બન્યા પહેલાં કર્માતીત બનવાનું છે. કોઈપણ કર્મબંધન પોતાની તરફ ન ખેંચે.

પાછલા કર્મોના હિસાબને ક્લીયર (ચુક્તુ) કરો. નવાં ક્રિયેટ (જન્મ આપવો) ન કરો. પાછલાં કર્મોના ખાતાંને ચુક્તુ કરવાની લગની, ધગશ હોવી જોઈએ. નવાં કર્મોનાં ખાતાં ઊભાં કરનાર કર્માતીત કઈ રીતે બનશે. સેવા કર્માતીત બનવા માટે કરો. કર્મબંધનમાં ફસાવા માટે નહીં. ઈશ્વરીય સેવા આપણને બંધનમુક્ત બનાવે છે. સેવાથી જે દુઆઓ મળે છે તે બાબાને યાદ કરવામાં સહાયક બને છે. કોઈના પ્રત્યે ચિંતન ચાલે છે તો પણ કર્મબંધન બને છે. કોઈનાથી પ્રભાવિત થવાથી પણ બંધન જન્મે છે. જો ઘૃણા હોય તો તેવા સંકલ્પો જ જન્મે છે. તેથી સ્વયંને સદા ક્લીયર, સાફ રાખો. કર્માતીત અવસ્થાને સદા સામે રાખો. મુક્ત પંખી જ લાઈટહાઉસ બની શકે છે. કર્માતીત સ્ટેજને સામે રાખીને સેવામાં હાજર રહો તો ઈર્ષ્યા, દ્વેષ, માન-અપમાનની લાગણીથી મુક્ત રહી શકશો. તો સ્વયંને કર્માતીત બનાવો. સર્વ વાતોથી પોતાને મુક્ત કરતા જાઓ. તો સંપૂર્ણ બની જ જશો.

॥ ઓમશાંતિ ॥

- **પ્રાર્થના હંમેશાં નાની હોવી જોઈએ. ઈશ્વરને માંગવાનું કારણ જણાવવું જોઈએ નહીં. તે જાણે છે, આપણા માટે શું સારું છે.**

(પેજ નં. 12નું અનુસંધાન)... **દીદી મનમોહિનીજી**

ભણેલો પણ હતો નહીં. પણ દીદી કહેતાં હતાં, તમારા ઉપર ભગવાનની નજર પડી છે, આત્માઓમાં મહાન આત્માનું ભોજન બનાવો છો, બાબાનો ભોગ પણ બનાવો છો એટલે તમે ઘણા મહાન છો, આ સ્વમાનમાં રહીને સેવા કરો.


## વાતાવરણ સદા શક્તિશાળી રહે તેનું પૂરું ધ્યાન રાખતાં હતાં

એકવાર મારી ફરિયાદ થઈ, દીદીએ પોતાની વિધિ અનુસાર મને બાબાના કમરામાં મોકલ્યો. પાછો આવ્યો તો પૂછ્યું કે તમે ભૂલ કરી છે? સ્વીકાર કરી લો, વાયુમંડળ સુધરી જશે. થોડા દિવસ પછી સચ્ચાઈ સામે આવી મારા સ્વીકાર કરવાથી સમગ્ર વાયુમંડળમાં હલચલ શાંત થઈ ગઈ. આ પ્રકારે શક્તિશાળી વાતાવરણ બનાવવામાં બહુ જ ધ્યાન રાખતાં હતાં. દીદીની વ્યવહારિક શિક્ષાઓથી, માતૃવત્ પાલનાથી આપણે આધ્યાત્મિકતામાં પરિપક્વ થતા ગયા. આજે પણ દીદીની શિક્ષાઓ યાદ આવે છે.

॥ ઓમશાંતિ ॥

# દીદી મનમોહિનીજી

બ્ર.કુ. રામલોચન, શાંતિવન, આબુરોડ.



હું ઈશ્વરીય જ્ઞાનમાં સન 1972માં આવ્યો અને પહેલીવાર મધુવન આવવાનું નિમંત્રણ આપવા માટે દીદી મનમોહિનીજી નિમિત્ત બન્યાં. એ ગુણનિધિના અનેકાનેક ગુણોમાંથી કેટલાકનું વર્ણન કરું છું.

## ભગવાનની સાથે બુદ્ધિની લાઈન ક્લીયર અને કેચીંગ પાવર શક્તિશાળી હતાં.

હું દિલ્હીમાં રહેતો હતો, ભારતીય રેલવેમાં સેવા કરતાં પાંચ મહિના વીત્યા હતા. ત્યાં સુધી મધુવન (પાંડવભવન, માઉન્ટ આબુ) આવ્યો નહોતો. એક દિવસે દીદી મનમોહિનીએ સેવાકેન્દ્રની નિમિત્ત બહેનને પત્ર લખ્યો અને કેટલીક વિશેષતાઓનું વર્ણન કરીને કહ્યું. એવો કોઈ ભાઈ આપની આસપાસ હોય તો 15 દિવસો માટે મધુવન મોકલો. નિમિત્ત બહેને મને મધુવન મોકલ્યો. મધુવનમાં સેવા કરતાં કરતાં પંદર દિવસ પૂરા થયા તો મેં કહ્યું, દીદી હું પાછો જાઉં છું. દીદીએ કહ્યું બીજા પંદર દિવસ રોકાઈ જાઓ. આમ કરતાં કરતાં મને છ મહિના સેવા માટે રોકાઈ જવા માટે કહ્યું. મેં એ સમયે કહ્યું જવું છે તો અત્યારે, નહીં તો કદી પાછો જઈશ નહીં. દીદીએ કહ્યું, આમ એકદમ તો કોઈને રાખીએ નહીં. છ માસ ટ્રાયલ પર રાખીને સ્વભાવ સંસ્કાર જોઈશું, પછી ઠીક લાગશે, તો રાખીશું. મેં ફરી એજ વાતનું પુનરાવર્તન કર્યું. દીદીએ કહ્યું, સવારના યોગ વખતે આપનો ચહેરો મને દેખાય છે અને બાબા કહે છે, આ બાળકને અહીં રાખી દો. એટલે હું કંઈ કહી શકતી નથી કે રહી જાઓ. આ પ્રકારે દીદીએ ઈશ્વરીય ટચીંગના આધારે મને મધુવનમાં રહેવાની સ્વીકૃતિ આપી.

## દીદી શ્રીમત પર પૂરાં ચાલતાં હતાં તથા બીજાઓને ચલાવતાં હતાં

દીદીએ 6 માસ પછી મને દિલ્હી, પાંડવભવનમાં સેવા માટે મોકલી દીધો. અહીં મન લાગતું નહોતું. મધુવન બહુ જ યાદ આવતું હતું. એક વાર બાબાને મળવા મધુવન આવ્યો તો દીદીએ બાબાને બધું જણાવ્યું. એ પણ કહ્યું કે આ ભાઈ પાછા જવા ઈચ્છતો નથી. દીદીએ કહ્યું, આપે બાબાને શુ વાયદો કર્યો, 'જ્યાં બેસાડશો, જે ખવડાવશો, જ્યાં સેવા કરાવશો સર્વ મંજૂર છે.' જ્યારે બાબાએ બેસાડી દીધા તો દીદી દીદી શા માટે કરો છો, જ્યારે તમારી જરૂર પડશે ત્યારે બાબા બોલાવી લેશે, એમ કહીને પાછો પાંડવભવન, દિલ્હી મોકલી આપ્યો. પછી ચાર વર્ષ મધુવન આવ્યો. જરૂર હતી એટલે મને અહીં રોકી દીધો. પછી મને ભંડારાની સેવા સોંપી. આ પ્રકારે બાબાની શ્રીમત અનુસાર સેવા કરવાની શીખ દીદીએ આપી.

## દીદી દરેકની વિશેષતા જોઈને, એ આધારે આગળ વધારતાં હતાં

દીદી દરેકના ગુણ જ જોતાં હતાં. કદી કોઈનો અવગુણ જોયો નથી. અવગુણને ગુણમાં બદલવા માટે સમજાવતાં હતાં. જેથી આત્મા અવગુણ છોડવા તૈયાર થતો હતો. જ્યારે મને દીદીજીનું ભોજન બનાવવા માટે મધુવન ભંડારામાં રાખ્યો ત્યારે હું જોતો હતો કે દીદી દરેકની

વિશેષતા જોતાં હતાં. ક્લાસમાં એની વિશેષતાની મહિમા કરતાં હતાં. મારી સાથે પણ આવું કેટલીયે વાર બન્યું. ક્લાસમાં મહિમા થવાથી ઉમંગ ઉત્સાહ આવી જતો હતો. ઉમંગને કારણે બહુ સેવા કરતો હતો. દીદીને દિલની દુઆઓ આપતો હતો.

## બ્રહ્માભોજન ઘણા પ્રેમથી, શ્રેષ્ઠ, મહાન સમજીને આરોગતાં હતાં

દીદીજીએ શીખવાડ્યું કે બ્રહ્માભોજન એ સાધારણ ભોજન નથી. ભક્તિમાં પ્રસાદનું બહુ મહત્ત્વ હોય છે પણ અહીં તો આ ભોજનને સીધા ભગવાને જ સ્વીકાર કર્યું છે, એટલે તે માટે દેવતાઓ પણ તે મેળવવા ઉત્સુક હોય છે, આ સ્મૃતિથી ભોજનનો સ્વીકાર કરવાનો છે. ભગવાને જેનો સ્વીકાર કર્યો, તે સારામાં સારું ભોજન છે. જે બાબાને પ્રિય, તે બાળકો (બ્રહ્માવત્સો)ને પ્રિય. એમણે કદીયે ભોજન વિશે ફરિયાદ કરી નથી કે આજ ખાવાનું સારું બન્યું નથી.

## ઈશ્વરીય જ્ઞાન અને યોગમાં નિયમિત હતાં, બીજાઓને પણ એવા બનાવવાની કળા બહુ સારી હતી

કેટલાક ભાઈઓ એવા હતા, ક્લાસમાં નિયમિત અને સમયસર પહોંચતા નહોતા. દીદીએ એમને એક બે વાર સમજાવ્યાં, છતાં પણ નિયમિત થયા નહીં. દીદીએ યુક્તિ રચી અને યોગમાં ન આવનારને કહ્યું, તમે યોગમાં આવનારની હાજરી પૂરો, એ ક્યારે આવે છે તે સમય જુઓ, બાબાની કેટલી યાદ રહે છે, દીદીને ચાર્ટ બતાવજો. જેઓ મુરલીમાં નિયમિત નહોતા એમને કહેતાં હતાં, આજે મુરલીના મુદ્દાઓની નોંધ કરીને આવજો. દીદીને સંભળાવજો, દીદી સેવા માટે મોકલશે. સેવા મળવાથી એમને ક્લાસમાં જવું જ પડતું હતું.

## દીદી ન્યારાં તથા મિલનસાર હતાં

જ્યારે કોઈ વિશિષ્ટ વ્યક્તિ આવતી હતી અને દીદી એને મળતાં હતાં તો સ્વયં તો બાબાની યાદમાં રહેતાં હતાં પણ એને એટલો પ્રેમ આપતાં હતાં કે એના મુખથી પણ બાબા બાબા નીકળતું હતું. શૈલી નામે એક વિદેશી બહેન હતી, એને એટલો પ્યાર આપ્યો કે તેણી બાબા બાબા કરવા લાગી અને સ્નેહનાં આંસુ વહાવવા લાગી. જ્યારે બાપદાદા આવ્યા તો બોલ્યા, 'આ મોટા લોકો સદા ઓફિશિયલ રહે છે. ક્યાંક જાય છે તો તેમને પરિવારનો પ્રેમ મળતો નથી. આપે જે પરિવારનો પ્રેમ આપ્યો છે એટલે પીગળી ગયાં છે, બાબા બાબા કરવા લાગ્યાં છે.'

## નિર્ણય આપવાની વિશેષતા સૌથી ન્યારી હતી

દીદી પાસે જો કોઈની ફરિયાદ આવતી તો એમને પૂછતાં હતાં, શું વાત છે? એકવાર મારી ફરિયાદ થઈ હતી, મેં સાચી વાત જણાવી દીધી. દીદીએ પૂછ્યું, તમારી ભૂલ છે? મેં કહ્યું, મારી સમજથી મારી ભૂલ નથી. 'નહીં' શબ્દ બોલતાં જ દીદી યુક્તિથી કહેતાં હતાં, બાબાના કમરામાં જાઓ અને બાબાને પૂછો કે બાબા, મેં જે જણાવ્યું તે સાચું છે? બાબાની સામે તો આત્મા દર્પણની જેમ સ્પષ્ટ દેખાય છે. જૂઠું બોલવાની હિંમત ચાલતી નથી. પછી આવીને દીદીને સ્પષ્ટ જણાવી દેતા હતા. આ પ્રકારે તેઓ નિર્ણય કરતાં હતાં, સંતુષ્ટ કરતાં હતાં.

## સદા સ્વમાનમાં રહેતાં હતાં તથા સ્વમાનની યાદ અપાવીને કમજોરને મહાન બનાવતાં હતાં

મારામાં એટલી વિશેષતા નહોતી, બહુ

(અનુસંધાન પેજ નં. 10 પર)

## પ્રસન્નતાના પથ પર

# સમયના સમયપત્રક સાથે સંકલ્પોનું પણ સમયપત્રક બનાવો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આપણે આપણા દિનની શરૂઆત જોઈએ. મેં એલાર્મ મૂક્યું હતું. તે વાગ્યું કે મેં તેને બંધ કરી દીધું હતું. આપણે ઉઠ્યા ત્યારે મનમાં પહેલો વિચાર આવે છે તે એ હોય છે કે ઓ માય ગોડ આજે તો મોડું થઈ ગયું. આ એક વિચારને કારણે આપણી ઉર્જાનું સ્તર જ બદલાય જાય છે. હવે આપણે વિચારીએ છીએ કે મારી પાસે વ્યાયામ કરવાનો સમય નથી. હવે મારે બાળકોને જલદી જલ્દી ઉઠાડવાનાં છે. એના પછી ફરીથી વિચારોની એક લાંબી શ્રૃંખલા બની જાય છે એટલે કહીએ છીએ કે આજનો દિન સારી રીતે વીત્યો નહીં. કોણ જાણે સવારે કોનું મોઢું જોયું હતું. એમાં કોઈનો ચહેરો જોવાની વાત જ નથી પણ આપણે સવારે કેવા કેવા સંકલ્પ કર્યા હતા એ એના પર નિર્ભર છે.

જો આપણે એક નકારાત્મક સંકલ્પ પેદા કર્યો તો એનાથી આખા ઘરની ઉર્જાનું સ્તર નકારાત્મકતાથી ભરાય જાય છે. પછી બાળકોને કોઈ વાત વિના ધમકાવી દેવા, બાળકોએ પણ ઉપરથી પ્રતિક્રિયા કરી દેવી, એ સર્વ જમા થઈને નકારાત્મક પ્રભાવ પડે છે. આપણે દિવસની શરૂઆત જ નકારાત્મક વિચારોથી કરી હતી. એનાથી બચવા માટે, સવારે ઉઠીને સૌથી પહેલાં પાંચ મિનિટ પોતાની સાથે બેસીએ અને પોતાના દિવસની શરૂઆત જ સારા સકારાત્મક સંકલ્પોથી કરીએ કારણ કે આ સમય આખા દિવસની દિનચર્યા પર આધારિત છે. એના ઉપર આપણો આખો દિન નિર્ભર કરે છે. જેમ આપણે દિવસનું સમયપત્રક બનાવીએ છીએ એ રીતે સંકલ્પોનું સમયપત્રક બનાવીએ કે આપણે કેવા પ્રકારના વિચારોથી દિવસની શરૂઆત કરીએ છીએ. આ કરવાથી આપણામાં જાગરૂકતા આવી જાય છે કે હું પોતાના સંકલ્પ સ્વયં ઉત્પન્ન કરી શકું છું. પછી આપણો આત્મવિશ્વાસ પણ વધવા લાગે છે કે મારી પાસે શક્તિ છે. એ પસંદ કરવાનું છે કે હું કેવા પ્રકારના સંકલ્પ ઉત્પન્ન કરું.

જ્યારે આપણે વિચારીએ છીએ કે મોડું થઈ ગયું, પોતાની સાથે બેસવાનો પાંચ મિનિટનો સમય નથી. એમાં શું થાય છે ભલે પાંચ મિનિટ પોતાના માટે ન કાઢો પણ બાકી બધાં કામ તો કરીશું જ પણ કઈ રીતે કરીશું? તનાવથી. તનાવથી કામ કરતાં કરતાં વાસ્તવમાં આપણને વધારે સમય લાગે છે. જો આપણે બે મિનિટ પણ થોભી જઈએ. જો આપણી પાસે પાંચ મિનિટના હોય, એક મિનિટ તો છે. એક મિનિટ કંઈ વધારે હોતી નથી. એક મિનિટ વિચાર કરો, ઠીક છે, મને મોડું થઈ ગયું પરંતુ એનો પ્રભાવ મારા આગળના કાર્ય ઉપર નહીં પડે. હવે પરિસ્થિતિઓ મારા નિયંત્રણમાં છે. કારણ કે મારું મન, મારા નિયંત્રણમાં છે. હવે હું સ્થિર રહીને મારા દિવસની શરૂઆત કરીશ. આ વિચારને માત્ર હું જ ઉત્પન્ન કરી શકું છું.

જો આપને વિલંબ થઈ જાય તો હું આપને એમ કહું છું કે કોઈ વાત નહીં, ઓ.કે. ઠીક છે. તો

(અનુસંધાન પેજ નં. 07 પર)

# સુરક્ષા કવચ

રાજયોગિની સરલાદીદી, પૂર્વ ડાયરેક્ટર, ગુજરાત ઝોન, સુખશાંતિ ભવન, અમદાવાદ.



આજે અદ્યતન વૈજ્ઞાનિક શોધખોળોને પ્રતાપે ભિન્ન ભિન્ન ક્ષેત્રે સુરક્ષાના પ્રયાસો કરવામાં આવે છે. પહેલાં તલવારોથી યુદ્ધ લડાતાં ત્યારે ઢાલનો ઉપયોગ થતો. મુંબઈમાં ચર્ચગેટ વિસ્તારમાં આવેલ પ્રિન્સ વેલ્સ મ્યુઝિયમમાં ઢાલ-તલવારો જોયાં હતાં. આજે ધરતી ઉપર ચાલતાં વાહનો અને આકાશમાં ઉડતાં વિમાનો વગેરે માટે સુરક્ષાના ઉપાયો કરવામાં આવે છે. તેથી તો હેલમેટનો ઉપયોગ જરૂરી છે. આમ સુરક્ષાના પ્રબંધો હોવા છતાં પણ અકસ્માતો તો થાય છે. આ તો થઈ હદની સુરક્ષાની વાતો.

### બેહદની સુરક્ષા

**મીઠા મીઠા બાબાએ બ્રહ્માવત્સોને બેહદની સુરક્ષાની વાતો સાકાર - અવ્યક્તવાણીઓમાં કરી છે. જે બ્રહ્માવત્સો તે પ્રમાણે જીવે છે તેઓ સુરક્ષિત રહે છે, સ્વસ્થ મનથી જીવે છે.** જ્યારે દેહ અને આત્માની ભિન્નતાની વાતો જાણી. આત્મ અનુભૂતિ કરી ત્યાર પછીથી તો દુનિયાને, સ્વયંને જોવાની આપણી દૃષ્ટિ જ બદલાઈ ગઈ.

અવિનાશી, જ્ઞાનસાગર પરમાત્માએ અઢળક જ્ઞાનરત્નો દ્વારા આપણને સજાવ્યા છે. જે સુરક્ષા કવચનું કાર્ય કરે છે. **મરજીવા જન્મ, પરમાત્મામાં દૃઢ નિશ્ચય, એક બળ એક ભરોસા ઉપર જીવવું, બાબાની છત્રછાયામાં રહેવું તે સુરક્ષા કવચ છે.** બ્રહ્માબાબા 93 વર્ષ સુધી શિવબાબાની છત્રછાયામાં રહ્યા. **અનેક અવરોધો, મુશ્કેલીઓમાં, હલચલવાળી પરિસ્થિતિઓમાં પણ સ્વસ્થ, પ્રસન્ન રહ્યા. તેનું મુખ્ય કારણ શિવબાબાનું સુરક્ષા કવચ, છત્રછાયા છે.**

આ સૃષ્ટિચક્રમાં સૌનો વૈવિધ્યસભર પાર્ટ છે. જે એકબીજા સાથે મળતો નથી. ચહેરા અને વ્યવહારમાં ભિન્નતા દેખાય છે. જ્ઞાન, યોગ, ધારણા અને સેવામાં સૌનું પ્રદાન ભિન્ન ભિન્ન છે. સર્વનો હિસાબ કિતાબ પોતપોતાનો છે. જેવું કર્મ, જેવી ભાવના તેવું તેનું ફળ મળે છે. આમ બાબાના બન્યા પછી એ ચિંતન ચાલે છે કે બાબાએ આપણા જીવનની દરેક સ્થૂળ સૂક્ષ્મ બાબતો અંગે કેટલું ઊંડું જ્ઞાન આપ્યું છે.

આજના વિષયના સંદર્ભમાં મીઠા બાબાએ આપેલા સુરક્ષા કવચોની વાત કરી છે. મુખ્યત્વે છ સુરક્ષા કવચો છે..

### સુરક્ષા કવચ કઈ કઈ બાબતોમાં જરૂરી છે?

**તનનું -** બાબાના બન્યા એટલે સમજાયું કે સંગમયુગમાં તન એ મહત્ત્વપૂર્ણ થાપણ છે. **તનને તંદુરસ્ત રાખવા માટે બાબાએ મનને સ્વસ્થ રાખવાનું જ્ઞાન આપ્યું.** રાજયોગી જીવનના નિયમો અને મર્યાદાઓના પાલનને કારણે 70 વર્ષ વટાવી ચૂકેલા બ્રહ્માવત્સો પણ લૌકિક-અલૌકિક કાર્યોમાં સક્રિય છે. રાજયોગિની દાદી જાનકીજી આપણી સામે શ્રેષ્ઠ દૃષ્ટાંત છે. **મીઠા બાબાએ સાત્ત્વિક અન્નને આપણા જીવનમાં સ્થાન આપીને અનેક પ્રકારના રોગોથી મુક્ત કર્યા.** આમ ઈશ્વરીય જ્ઞાન યોગ તનનું સુરક્ષા કવચ છે.

**મનનું -** બાબાએ આપણા મનને સ્વૈરવિહારમાંથી દિવ્યવિહાર કરતું બનાવ્યું. **મનમનાભવના મંત્રને લીધે મનને એકાગ્ર રાખવાનું સ્થાન મળી ગયું.** મન જીતે જગત જીતનું જ્ઞાન મળ્યું. મન ઉપર નિયંત્રણ રાખવા માટે બુદ્ધિ રૂપી લગામ આપી. આમ મનની દિશા અને દશા જ બદલી દીધી. મન કન્ટ્રોલ વગરનું હતું તે હવે જ્ઞાન યોગના કવચને કારણે પાળેલા પ્રાણી જેવું, કહ્યાગરું બની ગયું. આ છે મનનું સુરક્ષા કવચ.

**ધનનું -** બાબાના બન્યા પછી એ જ્ઞાન મળ્યું કે આપણે ધનના માલિક નથી પણ ટ્રસ્ટી છીએ. આપણું સર્વસ્વ બાબાનું છે. તેથી ઈશ્વરીય શ્રીમત મુજબ જ તેનો ઉપયોગ કરી શકીએ. મીઠા બ્રહ્માબાબાએ ધનના સદુપયોગનું પોતાના જીવન વ્યવહાર દ્વારા શિક્ષણ આપ્યું. પહેલાં ધન ગમે તે માર્ગે જતું. વ્યસનો, વિકારો, લૌકિક ઉજવણીઓ, નામ માન શાન પ્રસિદ્ધિમાં, ભક્તિમાર્ગના કર્મકાંડોમાં જતું. બાબાએ આપણને ધનના ઉપયોગનો વિવેક આપ્યો. સત્પાત્રે દાનનું મહત્ત્વ સમજાવ્યું. ધનના સદુપયોગથી થતી પ્રાપ્તિઓ અને દુરુપયોગથી થતા નુકસાનનું જ્ઞાન આપ્યું. ધનના સદુપયોગના ભિન્ન ભિન્ન જ્ઞાનયુક્ત રસ્તાઓ બતાવ્યા. **ધનને મનસ્વી રીતે વપરાતું અટકાવી તેના ઉપર ઈશ્વરીય શ્રીમતનું કવચ આપ્યું.**

**સમય-શ્વાસનું -** પહેલાં આપણો સમય ગણત્રી આયોજન વિના વીતી જતો. બાબાએ આપણને સંગમયુગના સમયનું મહત્ત્વ સમજાવ્યું. કોણ કઈ રીતે સમય વીતાવે છે તેના આધારે તેનું મૂલ્યાંકન થાય છે. સંસ્કૃત સુભાષિતનો અનુવાદ છે. 'બુદ્ધિમાન માણસોનો સમય કાવ્ય શાસ્ત્ર અને વિનોદની ચર્ચામાં જાય છે. જ્યારે મૂર્ખાઓનો સમય વ્યસન, નિદ્રા અને કલહમાં જાય છે.' સમય કોઈની રાહ જોતો નથી. **સંગમયુગની એક એક પળ મહત્ત્વની છે. તેથી તેના સદુપયોગ માટે આપણું ધ્યાન રહેવું જોઈએ.** ભક્તિમાર્ગની પંક્તિ છે. 'તારી એક એક પળ જાય લાખની, તું તો માળા રે જપી લે મારા રામની.' હવે **બાબાએ આપણને પળ પળ ઈશ્વરીય યાદમાં વીતે તે શીખવ્યું છે.** સમય વીતી જાય છે કે જિંદગીમાં કરવા જેવું ના કર્યું. પણ અંતિમ સમયે આપણે કશું કરી શકતા નથી. આપણું ભાગ્ય બદલવાનો સમય આપણા હાથમાંથી સરકી જાય છે.

માનવમૃત્યુ પામે છે ત્યારે કહેવાય છે કે તેણે છેલ્લો શ્વાસ લીધો. માનવજીવનમાં શ્વાસોશ્વાસનું મહત્ત્વ છે. હઠયોગ અને વિભિન્ન સાધના પધ્ધતિઓમાં શ્વાસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આપણો શ્વાસ સફળ થાય તે આપણું લક્ષ્ય હોવું જોઈએ. **આમ સમય અને શ્વાસનું કવચ ઈશ્વરીય યાદ છે.**

**સંકલ્પનું -** માનવજીવન તરંગો, વિચારો અને સંકલ્પો ઉપર ચાલે છે. જ્ઞાનમાર્ગમાં વિચારોનો ઉપયોગ સંકલ્પ તરીકે થાય છે. આપણે જેવું વિચારીએ છીએ તેવા બનીએ છીએ. આપણા વિચારો, સંકલ્પો ઉપર માતાપિતા, પરિવારના સંસ્કારોની છાપ હોય છે. સંગ, અભ્યાસ, વાચન, લેખન, મનન ચિંતન, શ્રવણ વગેરે આપણા સંકલ્પોને પ્રભાવિત કરે છે. આપણે પદ્માપદ્મ ભાગ્યશાળી છીએ. બાબાના બન્યા પછી આપણા સંકલ્પો હકારાત્મક બન્યા. વ્યર્થ, નકારાત્મક સંકલ્પોમાંથી મુક્તિ મળી. તનાવમાંથી મુક્તિ મળી. બ્રહ્મા બાબાના શ્રેષ્ઠ સંકલ્પો સમગ્ર ભારત અને વિશ્વના 140 કરતાંયે વધારે દેશોમાં વીજળી વેગે ફેલાઈ ગયા. તેનું પરિણામ એટલે લાખો, કરોડો બ્રહ્માવત્સો. આ સંકલ્પોથી જ સતયુગી

સૃષ્ટિની રચના થાય છે. **આપણા વિચારો, સંકલ્પો જ આપણા સુખ-દુઃખ માટે નિમિત્ત બને છે.** બાબાએ સંકલ્પશક્તિનું ગહન જ્ઞાન આપ્યું છે.

અવ્યક્ત બાપદાદાએ કહ્યું છે, **'અબ સમય પ્રમાણ શીતલતા કી શક્તિ દ્વારા હર પરિસ્થિતિમેં અપને સંકલ્પો કી ગતિકો, બોલ કો શીતલ ઔર ધૈર્યવત્ બનાઓ. યદિ સંકલ્પ કી સ્પીડ ફાસ્ટ હોગી તો બહુત સમય વ્યર્થ જાવેગા, કન્ટ્રોલ નહીં કર સકેંગે. ઈસલિએ શીતલતા કી શક્તિ ધારણ કરલો તો વ્યર્થ સે વા એક્સીડંટ સે બચ જાયેંગે. વ્યર્થ કે લિએ કન્ટ્રોલીંગ પાવર ચાહિએ. એક વ્યર્થ સંકલ્પકા હિસાબ કિતાબ - ઉદાસ હોના, દિલ શિકસ્ત હોના વા ખુશી ગાયબ હોના - યહ ભી એક કા બહુત ગુણા કે હિસાબ સે અનુભવ હોતા હૈ.'** (અવ્યક્તવાણી 7-3-84)

**સંબંધ - સંપર્કનું -** આજે સંબંધ, સંપર્કો ઉપર પૂરતું ધ્યાન આપવાની જરૂર છે. ફેસબુક, ઈન્ટરનેટ વગેરેના માધ્યમથી થતા સંપર્કો કેટલા દુઃખદાયી નીવડે છે. તે અખબારોના માધ્યમથી જાણવા મળે છે. મીઠા બાબા કહે છે કે સંગ તારે કુસંગ ડૂબાડે. આજના હળાહળ કલિયુગના વાતાવરણમાં સંબંધો, સંપર્કો ઉપર પણ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. લૌકિક જગતની વાત તો બાજુ પર રહી પણ બ્રહ્માવત્સો સાથેના સંબંધ - સંપર્કમાં પણ ધ્યાન આપવાની જરૂર છે. **આપણા સંબંધો - સંપર્કો આપણા જીવનને ઉન્નત બનાવે, તો તે આવકાર્ય છે પણ આપણા જીવનને નીચે લાવે તેવા સંબંધો - સંપર્કો ગમે તેટલા ધન, સત્તા, સમૃદ્ધિ, પ્રસિદ્ધિથી શોભાયમાન હોય તો તે તજવા યોગ્ય છે. તજી ના શકીએ તો ન્યારા પ્યારા, અલિપ્ત બનીએ.**

**મીઠા બાબાએ આપણને દેવી દેવતા બનવાનું લક્ષ્ય આપ્યું છે. આપણે આધ્યાત્મિક ઉન્નતિ કરીને સંપૂર્ણ કર્માતીત બનવાનો પુરુષાર્થ કરીએ.** લૌકિક સંબંધીઓને પણ ભિન્ન ભિન્ન કાર્યક્રમોમાં નિમંત્રણ આપીને જ્ઞાન યોગનો તેમને પરિચય આપીએ, સંદેશ આપીએ. જ્ઞાનમાં ચાલવું કે ના ચાલવું તે તેમના નિર્ણય, મનોબળ ઉપર આધારિત છે. બાબાની ભિન્ન ભિન્ન ઈશ્વરીય સેવાઓમાં આ સંબંધોનો રચનાત્મક ઉપયોગ કરીને તેમની આવડતને, ધનને સફળ કરીએ.

મીઠા બાબા કહે છે, **'બાપદાદા કા હર એક બચ્ચે કી વિશેષતા સે પ્યાર હૈ ઔર હર એક મેં કોઈ ન કોઈ વિશેષતા હૈ ઈસલિએ સબસે પ્યાર હૈ તો આપ ભી હર એક કી વિશેષતા કો દેખો. જૈસે હંસ રત્ન ચુગતા હૈ, પથ્થર નહીં ઐસે આપ હોલી હંસ હો આપ કા કામ હૈ હરેક કી વિશેષતા કો દેખના ઔર ઉનકી વિશેષતા કો સેવા મેં લગાના. ઉન્હેં વિશેષતા કે ઉમંગ ઉત્સાહમેં લાકર, ઉન દ્વારા ઉનકી વિશેષતા સેવા મેં લગાઓ તો ઉનકી દુઆએં આપ કો મિલેંગી. ઔર વહ જો સેવા કરેગા ઉસકા શેયર ભી આપ કો મિલેગા.'** (સાકારવાણી 11-12-2018)


બાબાના લાડલા બાળકો જો આ સુરક્ષા કવચોમાં રહેશે, તો સલામત રહેશે. આવનારી વિકટ પરિસ્થિતિનો સામનો કરી શકીશું. બાબાએ આપણને એવરરેડી બનવાનું કહી જ દીધું છે.

॥ ઓમશાંતિ ॥

- **પોતાના ઉમંગ ઉત્સાહના સહયોગ અને મીઠા બોલથી ઢીલાને શક્તિશાળી બનાવી દેવા એ જ શુભચિંતક બનવું છે.**

# અઘઘઘ ! કલ્પભરની કમાલ કમાણીની મોસમ !

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પ્રખર પુરુષાર્થી અને જેની પરખશક્તિ પાવરફુલ હતી એ રાજયોગિની બ્ર.કુ. મનમોહિનીજીએ ઈશ્વરીય કાર્યમાં બેનમૂન સહકાર આપેલો અને જે માસથી જ સહકારી વર્ષ શરૂ થાય છે એ જુલાઈ માસની 28મી તારીખે તેમણે આ ફાની દુનિયા છોડી પરમાત્મા પાસે જતા રહેલા 1983ની સાલમાં. એમણે આ લેખના લેખકને પોતાના અનુભવ સૌને જણાવવાનું કહેલ. અર્થાત્ તેમણે મને જીવનભરનું હોમવર્ક આપી દીધું. એ ન્યાયે આજે આ લેખમાં મારો અનુભવ રજૂ કરું છું. આ ઉત્તમ અનુભવોનું શ્રેય ઈશ્વરને ફાળે જાય છે. જેમણે મને આવા સુંદર અનુભવ કરાવ્યા.

નિરંજન નિરાકાર પરમપિતા પરમાત્મા પોતાના પ્યારા સંતાનોને ભણાવવા દર વર્ષે આ ધરણી પર આવવાનો પોતાનો પ્રોગ્રામ વ્યવસ્થિત ગોઠવતા. એમાં એક વર્ષે વર્ષના છેલ્લા પ્રોગ્રામમાં એમણે એવું જાહેર કર્યું કે આગામી વર્ષે આ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવે છે. બધાનો પુરુષાર્થ કેવો ચાલે છે. તેનું નિરીક્ષણ કરવામાં આવશે. થયું એવું કે એ વર્ષમાં ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતા ભાઈ બહેનોનો પુરુષાર્થ ઠંડો પડવા લાગ્યો. તેથી બ્રહ્માજીએ શિવજીને આ બાબત જણાવી. એ વર્ષે પુરુષાર્થ તીવ્ર કરાવતું ગીત મારા દ્વારા લખાવ્યું. આથી હું ખૂબ જ ખુશ થયો. એ ગીત સૌ પ્રથમ જ્યારે મેં કલાસમાં સંભળાવ્યું ત્યારે તાળીઓના ગડગડાટથી તેને વધાવવામાં આવેલું. આબુ ખાતે શાંતિવનના ગીતા દીદીએ આ ગીત દરેક ક્લાસમાં સંભળાવવાની ફરમાઈશ કરેલી. કલ્પભરની કમાલ કમાણીની મોસમ જ્યારે ચાલી રહી છે ત્યારે આ ગીત પ્રાસંગિક ગણાશે. તો વાંચો એ યાદગાર ગીત જે થોડા સમયમાં વધુ અલૌકિક કમાણી કરવામાં મદદરૂપ થશે.

### તીવ્ર પુરુષાર્થ કરાવતું ગીત

શિવબાબા કો યાદ કરો, કુછ સેવા ભી કરો.
હમ સંગમયુગી બ્રાહ્મણ હૈં, કોઈ ઔર નહીં,
અરે ! હમ શિવ પર મરનેવાલે હૈં, કોઈ ઔર નહીં.
શિવબાબા કો યાદ કરો...
શુકર કરો કિ પડે નહીં હૈ ધરમરાજકે ડંડે,
આજ અગર વો પડ જાયે, અરમાન હો જાયે ઠંડે,
અબ ખુદકો સમજા દો, બસ, ઈતના બતા દો...
હમ સંગમયુગી બ્રાહ્મણ હૈ...
જ્ઞાન-યોગમેં કચ્ચે હોંગે તો માયા હમેં ખાયેગી,
ધારણા પક્કી હોગી તો માયા સલામ કરેગી,
રોજ મુરલી સુના કરો, ઔર યાદ કીયા કરો,
હમ સંગમયુગી બ્રાહ્મણ હૈ...
માંગને કે સંસ્કાર વાલે, કૈસે બનેંગે દેવતા?
દાતાપન કે સંસ્કારવાલે હી બનેંગે દેવતા,
ભિખારીપન છોડો, અધિકારીપનકી ઓર મોડો,
હમ સંગમયુગી બ્રાહ્મણ હૈ...
જ્ઞાનમંથનસે યોગ નહીં, તો કૈસે હોં શક્તિશાલી?
શક્તિશાલી આત્મા હી બનતી જીવનમુક્તિવાલી.
મંથન કર મકખન ખાઓ શિવકે પ્યારે બન જાઓ.
હમ સંગમયુગી બ્રાહ્મણ હૈ...

એક વર્ષ માટે બાબા ન આવ્યા ત્યારે ઠંડો

પડેલ પુરુષાર્થ તીવ્ર કરાવવા જે ગીતનો જન્મ થયો તે ગીત અત્યારે પણ ઉપયોગી છે એવું નથી લાગતું? હવે તો બાબાનો રથ જ અદૃશ્ય થઈ ગયો તેથી બાબાના અવતરણના પ્રોગ્રામ બંધ થાય એ સ્વાભાવિક છે. તેથી આ ગીતને આધારે આપણને ઉત્સાહ એવો જ રહે જેથી તીવ્ર પુરુષાર્થ ચાલુ રહે.

આપ જાણો છો કે સંગમયુગના કીમતી સમયને વરદાન મળેલ છે કે તેમાં આપણે જે સેવા અર્થ કરીએ તેનું પદ્મગણું આપણું ભાગ્ય જમા થાય છે. આપણા છેલ્લા અમૂલ્ય જન્મમાં હવે તો થોડો જ સમય બાકી રહ્યો છે તે જો વેડફાઈ જાય તો ખોટ આપણને જ થશે. તેથી હાલનો સમય ખૂબજ મૂલ્યવાન છે, જે પણ ભાગ્ય બનાવવું હોય તેનો ચાન્સ ચૂકી જઈશું તો કલ્પ કલ્પ ચૂકી જઈશું!

વિશ્વવ્યાપી કોરોના આપણને જાણે શીખવે છે કે વિનાશનું કાર્ય શરૂ થઈ ગયું છે. આવો સંકેત મળે છે ને? કોનો પાર્ટ ક્યારે પૂરો થઈ જાય એ કહી શકાય નહીં. જે થશે તે હવે અચાનક થશે તેથી આપણે એવરરેડી રહેવાનો પુરુષાર્થ કરવો પડશે. અંતર્મુખી બનીને આપણું ચેકીંગ કરવું પડશે કે આપણામાં શું ઉણપ છે? જે ઉણપ જણાય તે ઉણપ દૂર કરવી પડશે ને? આપણે આપણી પ્રગતિમાં રૂકાવટ તો કરતા નથી ને? મારાથી કોઈને અન્યાય તો નથી થતો ને? જેવો બાબા સાથે પ્રેમ છે એવો પ્રેમ આપસમાં રાખવાનું બેલેન્સ જાળવીએ છીએ? અંદરોઅંદર લડવા ઝગડવાના લક્ષણો - ત્રેતાયુગના ક્ષત્રિયપણાના લક્ષણો - દૂર કરી સોળે કળા સંપૂર્ણ બનવાનો પુરુષાર્થ કરવો પડશે. આ માટે બાબા કહે છે, **બીસો નાખૂનકા જોર લગાકર પુરુષાર્થ કરો.** જેથી ચારેય વિષયમાં ફુલ પાસ થવાય. જે વિષય નબળો હોય કે અઘરો લાગતો હોય તે વિષય એવો તો પાકો કરીએ કે નાપાસ ન થવાય. નાપાસ થનાર ત્રેતાયુગી બની જાય છે, ખરું? આપણું લક્ષ્ય તો સતયુગી દેવતા બનવાનું છે ને? તેથી યાદ રાખીએ કે, **હમ સંગમયુગી બ્રાહ્મણ હૈં, કોઈ ઔર નહીં, હમ શિવ પે મરનેવાલે હૈં કોઈ ઔર નહીં.**

આપણાં વિકર્મોને લીધે ધર્મરાજાના ડંડા ખાવાનો વારો ન આવે એની તકેદારી રાખીએ. **રોજ મુરલી ક્લાસ કરીએ અને યાદની યાત્રા કરીએ. ભિખારીપન છોડી અધિકારીપન પ્રાપ્ત કરીએ અને જ્ઞાનમંથન એવું કરીએ કે સતયુગી દેવપદ રૂપી માખણ મેળવીએ શિવબાબાના પ્યારા બની જઈએ.**

દુનિયાના 12 વાગવા આવ્યા છે એવું નથી લાગતું? તેથી પેલું ગીત જાણે એવું સૂચવે છે કે, **ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી તીવ્ર પુરુષાર્થ કરવા મંડી પડો.**

દુનિયામાં કેટલાક ધંધામાં કમાણી કરવાની ખાસ મોસમ હોય છે ને? કમાણીની ભરપૂર મોસમનો પૂરો લાભ લઈ આખા વર્ષની કમાણી કરી લે છે. તો આ સૃષ્ટિચક્રમાં અલૌકિક કમાણી અને કલ્પભરની કરવા માટે હાલ સંગમયુગી બ્રાહ્મણો માટે જ અમૂલ્ય સમય છે. આ કમાણી કરવા ખુદ ભગવાન ઈશ્વરીય વિદ્યાલયમાં ભણાવે છે. જનમો જનમના પાપ બાળવા રાજયોગ શીખવે છે. ઈશ્વર ખુદ બ્રાહ્મણ આત્માઓને દિવ્યગુણોથી શણગારે છે, સેવામાં એ એવો તો સાથ નિભાવે છે કે આપણે માલામાલ બની જઈએ! જેમ કે બ્રહ્માબાબા જે સતયુગમાં શ્રીકૃષ્ણ બને છે તે તેના છેલ્લા જન્મમાં પણ 1936ની સાલમાં મલ્ટી મીલીયોનર પાર્ટી હતા! આખા કલ્પની કમાણીનો આધાર આ પુરુષોત્તમ કલ્યાણકારી સંગમયુગ છે એ સાબિત થઈ ગયું ને? આપ સૌને આ કમાણીની ભરપૂર મોસમનો લાભ માળો એવી શુભેચ્છાનો ગુલદસ્તો સપ્રેમ ભેટ. **'અભી નહીં તો કભી નહીં.'** ॥ઓમશાંતિ ॥

# સ્મરણાંજલિ

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ



યાદ આવી રહ્યું છે, તા. 15 માર્ચ, ગુરુવાર, ત્રિમૂર્તિ શિવજયંતીનું પાવન પર્વ 2020 સવારે 8.40 મિનિટે આપણા સર્વના પ્રાણ પ્યારા અવ્યક્ત બાપદાદાના રથી આદરણીય ગુલઝાર-દાદીજીએ પોતાનો નશ્વર દેહ છોડી અવ્યક્ત વતનવાસી થયા.

પ્યારા પ્યારા દાદીજીનું વ્યક્તિત્વ પરમ પવિત્ર પરમાત્મા શિવબાબાના સાક્ષાત સ્વરૂપની પ્રસ્તીતિ કરાવતા હતા. આટલા મહાન ઊંચ ત્યાગી તપસ્વી દાદીજીના સાનિધ્યતામાં અનેક વખત આવવાનો મોકો મળ્યો. દાદીજી સાથે વાતચીત કરવામાં એવું લાગતું હતું કે જાણે બહુ સમયની ઓળખાણ એમની જોડે છે. કારણકે દાદીજીનું શાંત સ્વભાવ, સ્નેહ, નિર્મળ ભાવના, ઉપરામવૃત્તિ અને શીતળ નૈન, પ્યારા શિવ બાબાની ઝાંખી કરાવતા હતા. કારણકે દાદીજી બાળપણમાં યજ્ઞમાં સમર્પણ થયા હતા. એમના વિશેની અનમોલ વાતો સંભળાવતા હતા ત્યારે મને મનમાં વિચારો આવ્યા કે લોકો ભગવાનની પ્રાપ્તિ માટે અથવા સુખ શાંતિ માટે 4 ધામની યાત્રા પર જાય છે. જપ, તપ, હોમ, હવન, યજ્ઞ, કર્મકાંડ ક્રિયાઓ કરે છે છતાં પણ ભગવાન મળતા નથી. એની ભેટમાં હું આત્મા કેટલો ભાગ્યવાન છું કે પ્રભુના રથી જોડે બેસી જન્મો જન્માંતરનું મંગલ મિલન મનાવી રહી છું. અને એમના મુખારવિંદ દ્વારા શિવબાબાની અલૌકિક અનોખી પાલના પરવરીશની વાતો સાંભળી બુદ્ધિરૂપી ઝોળીને જ્ઞાન અમૃત પાનથી ભરપૂર કરી રહી છું. એ યાદ કેવી રીતે ભૂલે.

યાદગારના રૂપમાં બીજો પ્રસંગ 2002માં મારુ સ્વાસ્થ્ય ઠીક ન હતું એ વખતે સદા સ્નેહી ગુલઝાર દાદીજી મુંબઈમાં આવ્યા હતા. એમને મારી તબિયતના સમાચાર મળવાથી દાદીજી પોતે સેવાકેન્દ્ર પર મળવા આવ્યા. ખરેખર હું એટલી ગદગદ થઈ ગઈ હતી કે દાદીજીના પ્યારની સ્નેહમયી ઝલક મને બાબાની યાદ અપાવતા હતા. દાદીજીને રૂબરૂ મળવાથી મને એટલી શક્તિ મળી કે તે દિવસથી મારુ સ્વાસ્થ્ય ઠીક થવા લાગ્યું અને ફરી યાદ અને સેવાના કાર્યમાં સંલગ્ન થઈ ગઈ. આવી તો જીવનમાં અનેક વાતોનું અવિસ્મરણીય અનુભવ થતો રહ્યો.

આપ સર્વે જાણો છોકે, દાદીજીનું બીજુ નામ હૃદયમોહિનીજી હતું. એમની સમીપતા, મધુર વચનો હૃદયના તટ પર અંકિત થઈ જતા હતા. પ્યારી દાદીજીના મુખારવિંદનું હાસ્ય મનરૂપી મધુવનને નૈતિક મૂલ્યોના પુષ્પોથી ચર્મ ચક્ષુથી ન ઓળખી શકે પરંતુ જે પણ આત્માઓ એમના સંબંધ સંપર્કમાં આવે એમના હૃદયમાં પ્રભુ બ્રહ્મા બાપ સમાન નિરઅહંકારી નિર્વિકારી, નિરાકારી સ્ટેજ પર સદા વિરાજમાન હોય એવું એમના ચાલચલન અને ચહેરા ઉપરથી પ્રત્યક્ષતા થતી હતી. એમાં કંઈ શક નથી આજે પણ અનેક વાતોનું સ્મરણ આંખો સામે તરી આવે છે. જે સ્મરણાંજલિના રૂપે બધાની સમક્ષ રાખ્યું છે.

**॥ ઓમશાંતિ ॥**

# જ્ઞાન મુરલી - વિશ્વ નાટકના સર્વ અદ્‌ભુત રહસ્યોની ખાણ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ.

પરમાત્મા શિવપિતાની જ્ઞાન મુરલી વિશ્વ નાટકના સર્વ અદ્‌ભુત રહસ્યોની ખાણ છે. પરમાત્મા શિવપિતાએ જ્ઞાન મુરલીમાં વિશ્વ નાટકના બધા જ રહસ્યો ખોલ્યા છે. વળી જે મનુષ્યાત્મા આ રહસ્યોને જાણી લે છે તેઓ પરમસુખનો અનુભવ કરે છે. **પરમાત્માએ આપેલા સત્ય જ્ઞાનનું ચિંતન જ સત્યને અનુભવ કરવા અને ધારણ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે.** ઈશ્વરીય જ્ઞાન પરમસુખ અનુભવ કરાવે છે. પરમાત્મા કહે છે કે આત્માનું સ્વરૂપ સચ્ચિદાનંદમય, પરમાત્મા સચ્ચિદાનંદના સાગર અને વિશ્વ નાટક પરમ સુખમય છે.

પરમાત્મા જ્ઞાનના સાગર છે. તેઓએ જ્ઞાનના અનેક રહસ્યોને ખોલ્યા છે. જો આ જ્ઞાન-બિંદુઓ આપની બુદ્ધિમાં જાગૃત રહેશે તો બુદ્ધિ સદા ભરપૂર રહેશે. આત્મા સદા સંપન્નતાનો અનુભવ કરશે, સદા સાક્ષીભાવની સ્થિતિમાં રહેશે અને સદા સુખ-શાંતિ-આનંદનો અનુભવ કરશે. ખુશીનો પારો સદા ચઢેલો રહેશે. કારણ કે જ્ઞાનધન સર્વશ્રેષ્ઠ ધન છે. **જ્ઞાનધનથી ભરપૂર આત્મા સંપૂર્ણતાનો અનુભવ કરે છે. સંપૂર્ણતા થકી સંપન્નતાનો અનુભવ થાય છે. સંપન્નતા સંતુષ્ટતાને વરે છે. તેથી જ સંતુષ્ટતા જીવનની શ્રેષ્ઠ સંપત્તિ છે.**

આ સંપત્તિને સાચવી રાખવા માટે પણ ઘણી મહેનત કરવી પડે છે. આમ જોવા જઈએ તો પરમાત્માએ આપેલું જ્ઞાન માત્ર એક જ સેકન્ડનું છે. **'પોતાની જાતને આત્મા સમજી એક પરમાત્માને યાદ કરો.'** આ એક જ જ્ઞાન બિંદુના ચિંતનથી આત્મા અને પ્રાપ્તિઓની અનુભૂતિ કરી શકે છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે જ્ઞાની તુ આત્માની પરીક્ષા પણ થાય છે. માયા બુદ્ધિ પર વાર કરે છે તેથી જ્ઞાન બિંદુની વિસ્મૃતિથી આત્મા પ્રાપ્તિઓથી વંચિત રહી જાય છે. એટલે જ પરમાત્મા શિવ પિતા હંમેશા આત્માઓને સાવચેતી આપતા કહે છે કે, **'વ્હાલા બાળકો, મુરલી ક્યારેય મિસ ના કરશો. કારણ કે મુરલીમાં અનેક ગુહ્ય વાતો હું સંભળાવું છું. જે સાંભળીને બુદ્ધિમાં ધારણ કરવાની છે. ધારણ નહીં કરો તો કાચા રહી જશો.'**

પરમાત્માના દરેક મહાવાક્યમાં ઘણા બધા રહસ્યો સમાયેલા છે. એ બધા રહસ્યોને અત્રે લખવા એટલે ગાગરમાં સાગરને સમાવવા જેવું છે. પરમાત્માએ આપેલા જ્ઞાનના રહસ્યોને સમજવા માટે અત્રે શ્રૃંખલા શરૂ કરવાનો વિચાર આવ્યો. આ માસથી પરમાત્માએ ખોલેલા અનેક રહસ્યો પર વિચાર સાગર મંથન કરીશું.

## જ્ઞાનની સત્યતાનું રહસ્ય

સત્ય જ્ઞાન શું છે? સત્ય જ્ઞાનના દાતા કોણ છે? સત્ય જ્ઞાનનું ફળ શું છે? સત્ય જ્ઞાનની ધારણાવાળા વ્યક્તિનું વ્યક્તિત્વ શું હશે. તેઓની સ્થિતિ કેવી હશે? એ બધા જ રહસ્ય પરમાત્મા શિવ પિતાએ જ્ઞાન મુરલીમાં સ્પષ્ટ કર્યાં છે.

## પરમાત્મા શિવ પિતા કહે છે...

- સૌથી મોટી શક્તિ છે સત્યતાની શક્તિ. સૌથી મોટી ઓથોરિટી પણ સત્યતાની શક્તિ છે. સત્ય અર્થાત્ અવિનાશી. પરમાત્મા સત્ય છે. સચ્ચિદાનંદ છે. આત્મા પણ સચ્ચિદાનંદ છે.
- સત્ય માટે કહેવાયું છે - સત્યની નાવ હાલશે

ડૂલશે પણ ડૂબશે નહીં. સત્યતાની શક્તિવાળા શક્તિશાળી હશે, તેની પાસે સામનો કરવાની શક્તિ (Power of Face) હોવાથી તે કોઈ પણ વાતથી ગભરાશે નહીં.

- સત્યતા પ્રગતિને પામવાનું સાધન છે. સત્યતાની શક્તિથી નર સત્ય નારાયણ અને સૃષ્ટિ સતયુગ બની જાય છે.
- સત્યતાની શક્તિવાળા વિજયી અવશ્ય બને છે. સત્યતાની પ્રાપ્તિ ખુશી અને નિર્ભયતા છે.
- સત્યતાની ઓથોરીટીવાળો નમ્ર, સ્નેહયુક્ત, નિરહંકારી હોય છે. એ જ સત્ય જ્ઞાનનું પ્રત્યક્ષ રૂપ છે.
- સત્યતાની ઓથોરિટીવાળી આત્મા કોઈ બીજી વ્યક્તિના પ્રભાવમાં નહીં આવે. તેઓ વ્યક્તિના પરિવર્તન માટે નિમિત્ત બને છે.

## નિશ્ચયબુદ્ધિ વિજયંતી અને સંશયબુદ્ધિ વિનશ્યન્તીનું રહસ્ય

પરમાત્મા શિવ પિતાએ આત્મા, પરમાત્મા અને સૃષ્ટિ નાટક અર્થાત્ ડ્રામાનું જ્ઞાન આપ્યું છે. વાસ્તવમાં આ ત્રણ વાતોમાં બધા જ જ્ઞાન બિંદુઓ સમાયેલા છે. જેને આ ત્રણ વાતોના જ્ઞાનમાં સંપૂર્ણ જ્ઞાન અને નિશ્ચય છે તેઓ ક્યારે પણ જીવનમાં અસફળતા કે હારનો સામનો કરશે નહીં.

અત્રે એ વાતને પણ સમજવું અતિ આવશ્યક છે કે જ્ઞાન અને નિશ્ચય સાથે કોઈ પણ કાર્ય કરવામાં આવે તો તેમનું મહત્ત્વ અને તેમનો પ્રભાવ અવશ્ય જોવા મળે છે. અનુભવ કહે છે કે જ્યારે બે બાબતો વચ્ચે એકનો પ્રભાવ વધી જાય છે ત્યારે બીજા પર તે પોતાનું આધિપત્ય જમાવી દે છે. જેમ કે આત્મા અને શરીર આ બે સત્તા છે. સતયુગમાં આત્મામાં આત્મિક શક્તિ છે. આત્મામાં આત્માનું યથાર્થ જ્ઞાન નથી. પરંતુ દેહ અને દેહની દુનિયાનું જ્ઞાન છે. તેથી આત્માની શક્તિ ક્ષીણ થતા-થતા ત્રેતાના અંત સુધી દેહાભિમાન આત્મા પર પોતાનું આધિપત્ય જમાવી દે છે. આત્મા પૂર્ણતઃ વિકારોને વશીભૂત થઈ જાય છે. જ્યારે સંગમયુગમાં આત્માને આત્માનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાન અને નિશ્ચય સાથે પુરુષાર્થ કરે છે ત્યારે આત્મા દેહાભિમાન પર વિજય પ્રાપ્ત કરે લે છે.

બીજું એ પણ સમજવું જરૂરી છે કે પરમાત્મા સત્ય છે. પરમાત્માના મહાવાક્ય સત્ય છે એ વાતનો અનુભવ થાય કે ન થાય. આપણને સમજાય કે ન સમજાય પણ દેશ, કાળ, સમય, પરિસ્થિતિ અનુસાર એ અવશ્ય સત્ય સાબિત થાય છે. આ સત્યને જાણી નિશ્ચયબુદ્ધિ થઈ પુરુષાર્થ કરે છે તે અવશ્ય વિજયી બને છે. માટે જ પરમાત્મા શિવ પિતા કહે છે કે, 'જે જેટલો નોલેજ-ફુલ હશે તે તેટલો જ સક્સેસફુલ હશે. સક્સેસફુલ ન બનવાનું કારણ છે કે તે ફેથફુલ નથી. પોતાની જાતમાં, પરમાત્મામાં, ડ્રામામાં અને સાથીઓમાં ફેથફુલ થવું પડે છે. ફેથફુલ એટલે કે નિશ્ચયબુદ્ધિ. નિશ્ચયની નિશાની છે વિજય. જે જેટલો નિશ્ચય બુદ્ધિ તેટલો જ વિજયી. નિશ્ચય-બુદ્ધિની ક્યારેય પણ હાર નહીં થાય. નિશ્ચય થકી જ વિજય છે. સંશય લાવવાથી શક્તિનો ક્ષય છે.'

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 30નું અનુસંધાન).. 21 વર્ષનો પુરુષાર્થ**

ધારણામાં પાકા થયા હોય - એવા આત્માઓને 21 જન્મોનું વીમા કવચ પ્રાપ્ત થશે.

પ્રિય આત્મન્ 2021ના વર્ષમાં આપ સૌ બ્રાહ્મણ આત્માઓ પુરુષાર્થ કરી 21 જન્મો સુધી સુખ શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર થવાનું વીમા-કવચ ભગવાન શિવ પાસેથી મેળવશો એવી શુભ કામના તથા શુભભાવના સહ ... ॥ઓમશાંતિ ॥

# મુરલીની દિવાની, ગોપીવલ્લભની સાચી ગોપિકા - દીદી મનમોહિનીજી

## બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

પાંચમા ધોરણની પરીક્ષા પછી ગરમીની રજાઓ શરૂ થઈ હતી એ સમયે નાસિકના માસિયાર ભાઈ પાસેથી લૌકિક માને ઈશ્વરીય જ્ઞાન મળ્યું હતું. તે સમય દરમિયાન અમારા નાના દેહાત ભોકર (જિલ્લા, જલગાંવ, મહારાષ્ટ્ર)માં બ્રહ્માકુમારીઝની ગીતા પાઠશાળા શરૂ થઈ હતી અને પરમાત્મા મિલન માટે પાર્ટી મધુવન જવાની હતી. લૌકિક માતાજીની સાથે મને પણ મધુવન જવાનું સૌભાગ્ય મળ્યું. ખરેખર કેટલી કુતુહલ પૂર્ણ, રોમાંચક અને આનંદદાયી યાત્રા હતી એ! લાંબી રેલયાત્રા કર્યા પછી પાર્ટી આબુ રોડ પહોંચી, હરીભરી વાદીયા અને કુદરતી સુંદરતા નિહારતા અંતે અમે મધુવનનાં પ્રાંગણમાં આવી પહોંચ્યા. એજ તો મધુવન હતુ, જ્યાં ગોપી વલ્લભ પરમાત્મા જ્ઞાન મુરલીની મધુર તાન છેડી, આત્મારૂપી ગોપીઓને ભાવવિભોર કરી દેતા અમે સહુ તૈયાર થઈને હિસ્ટ્રી હોલમાં એકઠા થયા. દીદી મનમોહિનીજી અને દાદી પ્રકાશમણિજી બન્નેએ અમારું ભાવભીનું સ્નેહ સ્વાગત કર્યું. મુજ આત્માને નયનોથી દીદીજી-દાદીજીની દિવ્ય-મૂર્તિઓના દર્શનનું ભાગ્ય મળ્યું. ગુલઝાર દાદીજીના રથમાં અવતરિત શિવપિતા અને બ્રહ્માબાબા બને એક હોવાનો અનુભવ થાય છે, એમજ દીદી-દાદીના બે શરીરોમાં બે અલગ આત્માઓ હતા. પરંતુ બે શરીર અને એક આત્માનો અનુભવ થયો.

દરરોજની દિનચર્યા શરૂ થઈ એક દિવસ ઉઠવાનુ મોડું થયું, તો હું જલ્દી જલ્દી તૈયાર થઈને મેડિટેશન હોલના પેસેજમાં પહોંચ્યો, મુરલી પૂરી થઈ હતી અને બધા હોલમાંથી બહાર નીકળી રહ્યા હતા. પેસેજમાં દીદી મનમોહિનીજી બ્રહ્માવત્સોની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. મે દીદીજીને ઓમ શાંતિ કર્યા દીદીજીએ ખૂબ પ્યારથી પૂછ્યું ‘અચ્છા હમણાં આવ્યા, ટોલી મળી?’ મે કહ્યુ ‘નહી’ ત્યારે ગીતા બહેનજીને કહ્યું ‘આમને ટોલી આપો’. એમના બોલમાં મધુરસ ટપકતું હતું. એમના નિચ્છલ, નિ-સ્વાર્થ પ્યારમાં પોતાનાપણાની ભાસના આપીને પોતાના બનાવવાની જાદુઈ શક્તિ હતી, અધ્યાત્મ જ્ઞાન - ધ્યાન વગેરે કઠિન વિષય સમજવાની ઉંમર હતી નહીં. પરંતુ જ્યારે પણ દીદીજી મળતા, તેઓ નાના હાથોને હાથમાં થામી લેતા ને ભરપૂર પ્યાર વરસાવતા, ઝરણાનાં શીતલ જલ બિંદુ સમાન એમના નિઃસ્વાર્થ સ્નેહ મેળવીને ખુશીયોથી ઝોળી ભરાઈ જતી હતી.

પરમાત્મામા મિલનનો દિવસ પણ આવી પહોંચ્યો, બ્રહ્માવત્સો મેડીટેશન હોલમાં એકત્રિત થયા, એક તરફ ભાઈ અને બીજી તરફ બહેનો હતા, વચ્ચેની લાઈનમાં હું પહેલા સ્થાન પર બેઠો હતો. દીદીજી પણ બહેનો તરફ પહેલી લાઈનમાં કોઈ અનુશાસનપ્રિય વિદ્યાર્થીની જેમ આવીને બેઠા. આંખો પર કાળી ફ્રેમના ચશ્મા, હાથમાં ડાયરી-પેન, બાપદાદાની પધરામણીથી વિદાય સુધી તેઓ તીવ્રગતિથી મુરલી લખતા રહ્યા. મારી આંખો ક્યારેક દાદી ગુલઝારજીના રથમાં પધારેલ બાપદાદાને નિહાળે તો ક્યારેક મુરલી શ્રવણમાં મગ્ન દીદીજી પર મનમોહિત થઈ જતું. એમની મન

મોહક મૂર્તિને જોઈ, ન જાણે કયા જન્મનો આત્મિક સબંધ એમના તરફ ખેંચાઈ રહ્યો હતો. પંદર દિવસમાં બે વાર પરમાત્મા મિલન. જીવનની પરમ શ્રેષ્ઠ પ્રાપ્તિ હતી એ! વિદાયના સમયે દીદી-દાદી ઈશ્વરીય યાદ આપતા હતા. તેમાં પણ બાળ શ્રીકૃષ્ણની સુંદર ફોટા ફ્રેમ હતી. મનમોહન શ્રીકૃષ્ણની તસ્વીર બતાવી દીદીજી પુછતા 'આ નટખટ કોને જોઈએ છે?' એમના બોલમાં મન મંદિરમા વસેલા શ્રીકૃષ્ણની ગહન પ્રીત ઝલકતી હતી. અમને પણ એ સૌગાત કેમ સારી ન લાગે? દીદીની પ્યારભરી પાલનાને યાદોની તિજોરીમાં ભરીને અમે પાછા ફર્યા.

આજે પણ ચાર દશક પૂર્વ, દીદીજીની સુમધુર યાદો તરોતાજા થતા જ નયનોની સમક્ષ દીદીજી આવી જાય. દીદીજીની ચૈતન્ય મૂર્તિ, કેવું હિમાલય જેવું દિવ્ય ભવ્ય વિરાટ વ્યક્તિત્વ હતું એમનું. વિધાતાએ વિશેષ કુશળતાથી ઘડાયેલ અપ્રતિમ શિલ્પ કહો અથવા નિયંતાએ રુહાની રંગોથી રંગાયેલ સ્વર્ગીય સૌંદર્યનુ સુંદર ચિત્ર. એમને જોઈ મનમોહિત થઈ જતું. જેવું એમનુ નામ મનમોહિની એમજ તેઓ સ્નેહ પ્યાર વરસાવીને સહજતાથી પોતાના આત્મિક સ્નેહ સ્વરૂપ કોઈના પણ મનને મોહિત કરવામાં હોશિયાર હતા. સ્નેહ-સાદગી, નિયમ-સંયમ, રમણિકતા તથા ગંભીરતા આવા કેટલાય ગુણોનો બેજોડ સંગમ અને સંતુલન એમનામાં જોવામાં આવતા, આધ્યાત્મિક સાધક અને વિશ્વ સેવક કેવા હોય. એ તો કોઈ એમના આદર્શ આચરણથી શીખે, એમની જીવનવાટિકા એટલે સદગુણોના ફુલોનો સદાબહાર બગીચો હતો. વૈવિધ્યપૂર્ણ દિવ્યગુણનો અલૌકિક શ્રૃંગાર એમના આત્મિક સુંદરતાને ચંદ્રમા જેવું ઉજ્જવલ તેજ આપતું હતું.

એમના વ્યવહારમાં ક્યારેક માની મમતા ટપકતી તો ક્યારેક પિતૃવત વાત્સલ્ય વરસતું. પહેલી મુલાકાતમાં જ સહજ-સુલભ સહૃદય સંવાદથી સખા-સખી બનાવવામાં સિધ્ધહસ્ત હોશિયાર હતા. એમનામાં આધ્યાત્મિક શિક્ષાથી વ્યક્તિત્વને અપ્રતિમ આકાર આપનાર આદર્શ શિક્ષકના હમેશા સાક્ષાત્કાર થતા. કલા ગુણોને પારખી અવસર આપી વિશેષતાઓને કાર્યમાં લગાવવામાં એમનો હાથ પકડવો મુશ્કિલ જો એક વખત એમની તીક્ષ્ણ નજરથી કોઈ પસાર થયું, દીદીજી એમની કાર્ય-કળા-કુશળતાનું સાચા અર્થમાં અચૂક મૂલ્યાંકન નિષ્પક્ષ કરતા. એમને ઇશ્વરીય સેવામાં સમર્પિત કરી ભાગ્યના દ્વાર ખોલવાનો સુવર્ણ અવસર પણ પ્રદાન કરતા. ગુણવાનના ગુણ પરખીને એમના ગુણોને આચરણમા લાવવા પ્રોત્સાહન આપી ગુણોની વૃધ્ધિ કરવી અને વાર્તાલાપ દ્વારા વ્યક્તિની કમી-ખામીઓને અનજાન બની દૂર કરવી એ તો એમની વિલક્ષણ પ્રતિભા હતી. તેઓ ઉચ્ચ કોટિના સાધક મહા તપસ્વી હતા. યોગની કોરી વ્યાખ્યા કરવાને બદલે કર્મયોગી જીવન દ્વારા યોગીના લક્ષણ પ્રકટ કરતા. જેમના પર એમની દૃષ્ટિ પડતી પલવારમાં એમને પ્રભુમિલનનો સુંદર અનુભવ થતો. બ્રહ્મમૂર્હતમાં નિયમિત અને નિશ્ચિત સમયે જાગી જવું. તપસ્યા કરવી એમના યોગી જીવનનુ અવિભાજ્ય અંગ હતું. તેઓ ફક્ત ભાષણ કરવા વાળા વક્તા જ નહી પ્રેમની ભાસના આપતા-આપતા હૃદયના તાર સ્નેહ સાગર સાથે જોડાવનાર જીવતા જાગતા ફરિશ્તા હતા.

સૂર્યોદય અથવા સુર્યાસ્ત ટળી જાય પરંતુ 'વિદ્યાર્થી જીવન જ શ્રેષ્ઠ જીવન' આ ઉક્તિને સાકાર કરનાર દીદીનુ મુરલી શ્રવણ અને મુરલી મંથન ક્યારેય ખંડિત થયુ. મુરલીમાં રમણ કરતા જ્ઞાન સાગરના તળીયામા ઉતરવું. નીર-ક્ષીર,

મોતી-કંકડ અલગ કરનાર હંસ સમાન, મુરલી સાંભળતા-સાંભળતા ધારણા માટે મહત્વપૂર્ણ જ્ઞાન બિંદુ શોધવા, મુરલી પૂરી થતા પ્રશ્ન ઉતરના રૂપમાં સુંદરતાથી પ્રસ્તુત કરવાની કળા પ્રશંસા યોગ્ય હતી. મુરલીના ગીત પછી જે બાબા ઓમશાંતિ કહેતા, સાકાર મુરલી ત્યાંથી જ શરૂ થઇને મીઠા-મીઠા બાળકોથી પૂરી થતી હતી. પરંતુ સેંટર પર મુરલી મોકલતા સમયે જે મીઠા બાળકો, પ્રશ્ન ઉત્તર અને ધારણા સાર લખાયુ તે દીદીજીની ચાણાક્ય ચાત્રક હંસ બુધ્ધિથી શ્રીમત પ્રમાણ નિકળેલું માખણ જ હતુ.

પહેલા પોતે ધારણામૂર્તિ બની પછી આચરણથી શિક્ષા આપતા, દીદીજીના જીવનનો સાર હતો જ્ઞાન યોગના નવા નવા પ્રયોગો કરવા અને રૂદ્ર જ્ઞાનના પાયાની અહમ ભૂમિકા નિભાવી વ્યર્થ સંકલ્પ-વિકલ્પોને નિયંત્રીત કરવા હેતુ દીદીજીએ ટ્રાફિક કંટ્રોલની શરુઆત કરાવી અને અન્યને પણ કરાવતા એટલા માટે તેઓ ઇશ્વરીય વિધિ-વિધાનને કર્મોમાં મૂર્તરૂપ આપીને સતયુગી સંવિધાન બનાવનાર લો મેકર પણ હતા. દીદીજી નિયમ-સંયમના મૂર્તિ હતા. મર્યાદાની લક્ષ્મણ રેખામાં રહીને સંકલ્પ-બોલ- કર્મ કરીને દીદીજી ઈશ્વરીય નિયમાવલીની નિર્માત્રી પણ સિધ્ધ થયા. એમના પરમાત્મ નિયમ અનુસાર પડતા કદમ બ્રહ્માવત્સો માટે શ્રેષ્ઠ સ્થિતિ બનાવવા માટે દર્પણનું કામ કરતા હતા.

દીદીજી અનેક કુમાર અને કુમારીઓના જીવનને ઘડનાર અલૌકિક શિલ્પકાર હતા. જેમ કુંભાર કોમળ માટીને મટકાનો આકાર આપી અંદર હાથનો આધાર આપી અને બહારથી ઠોકે છે, એમજ અંતઃકરણમાં પ્રેમ અને બહારથી આચરણમાં અનુશાસનના સંસ્કાર ઘડવામાં દીદીજી સમાન બીજાનું બનવું અસંભવ. જ્ઞાન કક્ષા પૂરી થતા જ ઉપસ્થિત બ્રહ્માવત્સોને બોલાવીને જ્ઞાન મુરલીના મહત્વના મહેસૂસતાથી તીવ્ર પુરુષાર્થ કરાવવામાં દીદીજીની તીક્ષ્ણ નજર હતી. ભૂલની જાણ થતા જ પ્રિય સખા બની ભલાઈની વાત બતાવીને મિત્ર ધર્મ નિભાવવામાં તેઓ ખૂબ હોશિયાર હતા. એજ ખૂબીના કારણે પિતાશ્રી બ્રહ્માબાબાએ માતેશ્વરીજી અવ્યકત થયાને તુરંત મધુવનમાં બ્રહ્માવત્સોની પાલનની જવાબદારી સોંપી અને બ્રહ્માબાબા અવ્યકત થયા પછી પણ શિવપિતાએ દીદીજી અને દાદી પ્રકાશમણિજીને વિશ્વ સેવા હેતુ મુકરર કર્યા.

દીદીજીના વિરાટ વ્યક્તિત્વને શબ્દોમાં બાંધવું સાગરને ગાગરમાં સમાવવા સમાન દુષ્કર કાર્ય છે. તો પણ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં તન-મન-ધન, સમય-સંકલ્પ-શ્વાસની આહુતી આપનાર જ્ઞાનયજ્ઞને આજેય મજબૂત આધાર-શિલાને વિશ્વસેવાના દીપસ્તંભને તે મુરલીધરની મુરલીમાં રમણ કરવાવાળા ગોપી-વલ્લભના સાચા ગોપિકાને ભૂલવા અસંભવ છે.

'હવે ઘરે જવાનુ છે' 'અબ ઘર જાના હૈ' આ ગીત ગાતા-ગાતા તેઓ ૨૩ જુલાઈ ૧૯૮૩માં દેહ ત્યાગ કરી સંપૂર્ણ ફરિશ્તા બની વિશ્વકલ્યાણ હેતુ અગ્રીમ યાત્રા પર રવાના થયા. શિવ સાજન તથા જન-જનના મનને મોહિત કરનાર તે મુરલીના મસ્તાના અને ગોપી વલ્લભના દીવાના ગોપિકાને અમારા ગહન અંતઃકરણથી શત્ શત્ નમન..... કોટિ કોટિ વંદન...

**॥ ઓમશાંતિ ॥**

(અનુવાદ - બ્ર.કુ. મૃદુલા કુતિયાણા, પોરબંદર)

# યજ્ઞના વિશેષ શ્રૃંગાર - દીદી મનમોહિનીજી, દાદી ઈશુજી

બ્ર.કુ. પાયલ (ભોલી), ઉપલેટા

યજ્ઞના વિશેષ આદિ રત્નોમાંથી બે ચમકતા મહાન રત્ન હતા ખાસ,
એકાન્તવાસી, સહજયોગી, જેઓની ન હતી સ્વયં પ્રતિ કોઈ પણ આશ,
એક પરમાત્મા જ સંસાર જેમનો, સ્થૂલ-સૂક્ષ્મ ઈકોનોમીથી કર્યો સંસ્થાનો વિકાસ,
એક કુશળ પ્રશાસક તો એક ચતુર ખજાનચી, ફેલાવ્યો ઉમદા કર્મોનો દિવ્ય પ્રકાશ,
મીઠા દીદી મનમોહિનીજી, ‘બડી દીદી’, પ્યારા દાદી પૂર્ણશાંતાજી ‘ઈશુદાદી’...
આપની સ્મૃતિઓને વાગોળે આ પ્યારો દૈવી પરિવાર...

ધનાઢ્ય કુળમાં જનમ્યાં છતાં બાળપણથી સંસ્કારોમાં આપના વૈરાગ્યની દ્રઢતા,
પવિત્રતાના મહાવ્રત માટે સહનશીલતાની પ્રતિમાના નિશ્ચયમાં અટલ વીરતા,
કર્મેન્દ્રિયો પરના આધિપત્યથી બન્યા પ્રભુગુણોની ધારણામૂર્તિ સાકાર,
સંકલ્પમાં શુદ્ધિ, વાણીમાં સિદ્ધિ, કર્મોમાં અણિશુદ્ધ પવિત્રતાનો શ્રૃંગાર...
આપની સ્મૃતિઓને વાગોળે આ પ્યારો દૈવી પરિવાર...

રુહાની વૈદ્યરાજ બની કડા સંસ્કારોને બદલાવીને આપતાં આત્મજ્ઞાનની બક્ષિસ,
એકવ્રતા, એકનામી, બ્રહ્મમુહુર્તની અટૂટ યાદ સંગ મુરલીમાં અનોખી કશિશ,
સંગદોષથી કરતાં સાવધાન, આગતુંકોને આપતાં પરિવાર સરીખો પ્યાર,
‘अब घर जाना है’ એ અંતિમ પુરુષાર્થ આપનો બની ગયો યાદગાર...
38માં સ્મૃતિ બ્રહ્માવત્સોની મીઠી સ્મરણાંજલિ કરશો સ્વીકાર...
આપની સ્મૃતિઓને વાગોળે આ પ્યારો દૈવી પરિવાર...

7 વર્ષની અલ્પાયુમાં જ દાદી પૂર્ણશાંતાજીના ખૂલ્યા ભાગ્યના સ્વર્ણ દ્વાર,
પરમાત્મા પરિચય મળતાં નષ્ટોમોહા બની ભૂલાવ્યો આ વિનાશી સંસાર,
આપની ગંભીરતા, ઈમાનદારીથી બાબાએ સોંપ્યો યજ્ઞ ખજાનચીનો કાર્યભાર,
ઈશ્વરીય મહાવાક્યોનો લખતાં સાર, મનથી કરતાં સદા સૂક્ષ્મલોકમાં વિહાર...
આપની સ્મૃતિઓને વાગોળે આ પ્યારો દૈવી પરિવાર...

શક્તિશાળી મનસા સેવા કરીને બન્યાં વિશ્વ પરિવર્તનના કાર્યમાં મદદગાર,
અંતર્મુખી, મીતભાષી, આપની ઉપસ્થિતિથી મળતો સૌને ખુશીઓનો ઉપહાર,
આપની અચાનક વિદાયથી આપની યાદ નયનોમાંથી છલકી બનીને પ્રેમ અશ્રુધાર,
સમયની સમાપ્તિની સમીપતાનો ઈશારો આપી ચાલ્યા સાકાર જગતથી પાર...
પૂરા બ્રાહ્મણ પરિવારની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપ કરશો સ્વીકાર...

॥ ઓમશાંતિ ॥

# મનજીત

## બ્ર.કુ. મધુબેન, બાંટવા

કહે છે મન હી મન કો જાનતા હૈ, મન કી મન સે પ્રીત, મન હી મનમાની કરે, મન હી મનકા મીત, મન ઝુમે મન બાવરા, મન કી અદ્દ્ભુત રીત, મન કે હારે હાર હૈ, મન કે જીત જીત,

કહે છે, જેવી જેમની મતિ એવી એમની ગતિ, જેવા આપણા મનના વિચારો હોય, એવાં આપણાં કર્મ હોય છે. જેવાં કર્મ હોય એવાં આપણને ફળ મળે છે. એવી આપણી ગતિ થાય છે.

આપણે બધું જ કરી શકીએ છીએ, જે આપણે કરવા માંગીએ. અગર આપણું મન આપણા નિયંત્રણમાં હોય તો, મન મનુષ્ય આત્માનો એક એવો હિસ્સો છે. જે જોવામાં નથી આવતો, પરંતુ મન છે ખૂબ જ શક્તિશાળી.

ગીતામાં ભગવાને કહ્યું છે, કે હે અર્જુન શરીર એક રથ છે. આ શરીર રથનો સ્વામી આત્મા છે. આ શરીરની ઈન્દ્રિયો ઘોડા છે. ઈન્દ્રિયોનો સારથી છે મન. અગર તું તારા મનને આધીન રહીશ તો એ મન તને માયાના બંધનમાં જકડીને રાખશે. અગર મન પર કાબુ મેળવી લઈશ તો એ જ મન તને મોક્ષના દ્વાર સુધી લઈ જશે. પરંતુ મનને દાસ બનાવવું એટલું આસાન નથી, મન વાંદરાની જેમ ઉછળકૂદ કરે છે. ક્યારેક ક્યાં મન જાય છે. ક્યારેક ક્યાં મન જાય છે. જેવું મનને મનાવીએ એવું એ કામ કરે છે.

એક ધોબી હતો એમની પાસે એક ગધેડો, એક બકરી અને એક વાંદરો હતો. ધોબી રોજ ગધેડા ઉપર કપડાં નાંખી ધોબી ઘાટ પર કપડાં ધોવા માટે જતો. બાકી વાંદરાને અને બકરીને પોતાના ફળિયામાં બાંધીને જતો. ધોબી જેવો બહાર જાય એટલે વાંદરો પોતાની દોરી છોડી ઉછળકૂદ કરે, ઉથલપાથલ કરે, ઘરમાં જે ખાવાનું બનાવ્યું હોય તે પણ ખાઈ જાય, ધોબીનો આવવાનો સમય થાય એટલે વાંદરો બકરીની દોરી છોડી દે, અને વાંદરો પોતે પોતાને દોરીથી બાંધી દે. જ્યારે ધોબી ઘરે આવે જુએ બકરી છુટી છે. ઉથલ પાથલ જોઈ ધોબી બકરીની પીટાઈ કરે.

આત્મા માલિક છે પરંતુ વાંદરા જેવું આપણું મન છે. બકરી આપણું શરીર છે. આપણું મન આપણા નિયંત્રણમાં નથી એટલે આપણે મનમાં જેવા વિચારો આવે છે. એ પ્રમાણે શરીર દ્વારા કર્મ કરીએ છીએ અને દેહ દ્વારા કરેલાં કર્મ આપણે દેહ દ્વારા જ ભોગવવા પડે છે. સહન કરે છે. આપણો આત્મા, તો આપણું મન ઉછળકૂદ કરે છે. વાંદરાની જેમ એમને કન્ટ્રોલ કેવી રીતે કરવું?

આપણા મનમાં 60 હજારથી 80 હજાર વિચારો 24 કલાકમાં આવે છે. એમાં આજની પરિસ્થિતિ પ્રમાણે જોઈએ તો 90% વિચાર વ્યર્થ વિચાર, ફાલતું વિચાર, બેકાર ન કરવાના વિચારો એટલા બધા ચાલે છે કે જેવી રીતે આપણા શરીરમાં નસેનસમાં ખૂન દોડે છે. આમ તો આપણા મનમાં વિચારો ચાલતા જ રહે છે. એ સ્વાભાવિક છે એમને આપણે રોકી તો નહીં શકીએ પરંતુ એમનું નિયંત્રણ કરી શકીએ છીએ. એ માટે આપણે પોતાને સ્વ સ્વરૂપમાં એટલે કે આત્મિક સ્વરૂપમાં સ્થિત કરીએ. આપણા આત્માનો હિસ્સો છે - મન. આત્મા રાજા છે. આત્મા માલિક છે. આપણો આત્મા આપણા મનથી દૂરી બનાવી શકે છે. મનને નિયંત્રણ કરી શકે છે.

જેવી રીતે રસ્તા પર ટ્રાફિકજામ થઈ જાય અને રોડ પર આગળ પાછળ ગાડીઓ જ દેખાય એ સમયે આપણે ગાડીમાં બેઠા બેઠા વિચારો કરીએ છીએ. આ ટ્રાફિક ક્યારે ઓછો થશે કેટલો ટાઈમ લાગશે આપણને મોડું થઈ જશે, ઘણા બધા મનમાં ખોટા વ્યર્થ વિચારો કરીએ છીએ, એ સમયે આપણે સાક્ષી બનીને વિચારીએ કે પરિસ્થિતિ આવી છે, એ જવાની તો છે જ અત્યારે મારે મારા મનને શાંત રાખવું છે. આવું તો બધું થતું રહે છે. ઉંચું નીચું વહેલા મોડું તો થાય મારે શાંતિ રાખી આ પરિસ્થિતિને પાર કરવાની છે. તો મન વળી જાય છે. મન શાંત થઈ જાય છે. મનનો સ્વભાવ છે વિચારવાનો, અનેક પ્રકારના વિચારો કરવાનો પરંતુ આપણો આત્મા રાજા માલિક બની મનને કન્ટ્રોલ કરવાનું છે. મનને સમજાવવાનું છે. મનને શાંત કરવાનું છે. જ્યારે પણ મનમાં ખોટા તારા મારા જગના વિચાર આવે ત્યારે મનને વારંવારે સમજાવીએ સ્વયંને જોઈએ સ્વયં સાથે વાતો કરીએ કે અરે હું આ શું કરું છું. મને ખોટા વિચાર વ્યર્થ વિચાર કે તારા મારા જગના વિચારો કરવાથી મને શું મળશે કાંઈ જ નહી મળે, આમાં તો મારો જિંદગીનો અમૂલ્ય સમય વેસ્ટ જાય છે. મારા મનની શક્તિ વેડફાઈ જાય છે. માટે મારે તો મારા મનને શાંત રાખવું છે. મારે કોઈની વાતોમાં જવું જ નથી મારે તો મારું જેવું વિચારવું છે. કે મારે શું કરવાનું છે.

કહે છે કે જેવું વિચારશો એવા બની જશો. સારું વિચારીશું સારું જ થશે. ખરાબ વિચારીશ તો ખરાબ થશે. આપણે જેવું વિચારીએ છીએ એ બધા જ વિચારો બ્રહ્માંડમાં ફરતા રહે છે. અને ફરતા ફરતા ફરી પૃથ્વી પર આવે છે. એનો પ્રભાવ આત્માઓ પર પણ પડે છે. સાથે સાથે આપણા આત્મા પર પડે છે. જે મે શ્રેષ્ઠ સુંદર વિચાર કર્યો છે. તે સમગ્ર સૃષ્ટિ માટે પણ લાભદાયી બનશે અને આપણા માટે પણ લાભદાયી બનશે માટે જેવા વિચારો હોય તેવું સામે આવશે.

તો આપણે દૃઢતાપૂર્વક સંકલ્પ કરીએ મારે હંમેશા શુભ અને શ્રેષ્ઠ વિચારો જ કરવા છે. મનને જેમ વાળો તેમ વળી જશે મનને વાળવું એ આપણા હાથની જ વાત છે. માટે યાદ રાખીએ, મનજીત તો માયાજીત. તો આ જગતજીત હું આત્મા માલિક છું મન મારો દાસ છે. શરીરની ઈન્દ્રિયો ઘોડા છે.

હું આત્મા આ શરીરરૂપી રથને ચલાવનાર રથી છું. મારો આત્માનો સ્વધર્મ શાંતિ છે. હું શાંતિધામનો વાસી છું. શાંતિના સાગર પરમાત્મા શિવનું સંતાન છું. આ અભ્યાસ દિવસના 4 વખત અમૃતવેળાએ બાર વાગ્યે, ચાર વાગ્યે તથા રાત્રે સૂતી વખતે કરીશું તો આપણું મન ધીરે ધીરે શાંત થઈ જશે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 32નું અનુસંધાન)... જ્ઞાન સરોવર**

કરીએ છીએ. અમે એ પરમશક્તિ શિવબાબાને અનેક અનેક ધન્યવાદ આપીએ છીએ. શિવબાબાના ઘરથી મળેલી સૌગાત ગ્રહણ કરતાં, ભારે મનથી એ પવિત્ર નગરીને આખરી પ્રણામ કરીને, પોતાનાં અશ્રુજળને જબરદસ્તીથી રોકીને, ગદ્ગદ્ કંઠથી સર્વથી વિદાય લેવાની અનુમતિ માંગી. અરાવલી પર્વત હજુ પણ ગંભીરતાને પોતાનામાં સમાવીને અમને ફરીથી આવવાનું નિમંત્રણ આપી રહ્યો હતો. આ પાવનનગરીને, જ્ઞાન સરોવરને, અચલ પર્વતને, આ ત્યાગી ભાઈ બહેનોને કોટિ કોટિ પ્રણામ.

**॥ ઓમશાંતિ ॥**

# જ્ઞાનથી ઈશ્વરીય જ્ઞાન સુધી

## બ્ર.કુ. અનિલ, સુરત

જ્ઞાન સમુદ્ર જેવું છે. એના ખારા પાણીને મીઠું બનાવવાની જો આપણામાં બુદ્ધિ શક્તિ ન હોય તો તે માત્ર પોથીમાંનું જ જ્ઞાન બની રહે છે. પુસ્તકોમાંના છપાયેલા અક્ષરો જ્યાં સુધી વહેતા નથી ત્યાં સુધી કોઈ કિંમત નથી. વહેતું જળ પીવા યોગ્ય ગણાય, તેમ વહેતું જ્ઞાન એકથી બીજા અને બીજાથી ત્રીજા તરફ વહેતું જ્ઞાન જ સાચું જ્ઞાન છે. આવા જ્ઞાનને જે ધારણ કરે તે જ્ઞાનવાન કહેવાય. એ જ્ઞાનવાનમાં બુદ્ધિ-વિવેક ભળે ત્યારે તેના થકી થતો વ્યવહાર માનવી બુદ્ધિવાન પણ કહેવાય.

આપણી જિંદગીની પાઠશાળામાં આપણે જ્યારથી જ્ઞાનવાન બુદ્ધિવાન બની ભણતા રહીએ તો જીવન પ્રેમ-આનંદ-ખુશી-સંતોષના સદ્‌ગુણો રૂપી ફૂલોથી મહેંકતું અનુભવ કરતા રહીશું. બુદ્ધિનું કામ નિર્ણય કરવાનું છે. નિર્ણય કરતા પહેલા જે એમાં વિવેકનો સદ્‌ઉપયોગ થાય તો સફળતા તમારો અધિકાર બની રહેશે.

જ્ઞાન અને અભિમાનને બનતું નથી. જ્ઞાની માનવી અભિમાની હોઈ ન શકે અને જો તે અભિમાની હોય તો તેની હાલત દારૂ પીધેલા હાથી જેવી હોય છે. સંપત્તિ જેમ સુપાત્રના હાથમાં શોભે છે તેમ જ્ઞાન પણ એવા જ્ઞાનવાન - બુદ્ધિવાન માનવી પાસે જ શોભે છે. જ્ઞાન કંજુસના ધન જેવું નથી. એ તો જેમ વાપરો તેમ વધે, જેમ ઉમેરો કરો તેમ પણ વધે, પારકું જ્ઞાન પણ આપણું નથી. જ્યાં સુધી આપણે પોતે જ્ઞાન મેળવવા ઉત્સુક ન હોઈએ ત્યાં સુધી બધુ શૂન્ય છે. જ્ઞાન સાથે બુદ્ધિવાન માનવી જ સાચું મૂલ્યાંકન કરી વસ્તુનું મૂલ્ય આંકી શકે છે આ વાતને દૃષ્ટાંતથી સમજી લઈએ.

રાજા ભોજના દરબારમાં એક શિલ્પકાર આવ્યો એણે પોતાની કલાનો ઉપયોગ કરી ત્રણ પ્રકારની મૂર્તિ બનાવી હતી. રાજાને મૂર્તિ ખરીદવાની ઈચ્છા થઈ ત્યારે શિલ્પકારે ત્રણે મૂર્તિની કિંમત જુદી જુદી સમજાવતા કહ્યું કે, એકની કિંમત કોડીની છે, બીજાની સો દોકડાની છે અને ત્રીજીની, કિંમત આંકી શકાય એમ નથી તે અમૂલ્ય છે. અણમોલ છે. દરબારમાં કવિ કાલિદાસ પણ હતા રાજાએ તેને જુદા જુદા મૂલ્યની મૂર્તિઓ કેમ હશે તેની તપાસ કરવાનું અઘરૂ કામ સોપ્યું. કાલિદાસે પ્રથમ મૂર્તિને હાથમાં લઈ તેના કાનમાં નાનું મોતી નાખ્યું તો એ બીજા કાનમાંથી બહાર નીકળી ગયું. કાલિદાસે કહ્યું આ મૂર્તિની કિંમત કોડીની છે. બીજી મૂર્તિના કાનમાં મોતી નાખ્યું તો તે મોઢામાંથી બહાર નીકળી ગયું એટલે એની કિંમત સો દોકડાની છે છેલ્લે ત્રીજી મૂર્તિના કાનમાં મોતી નાખ્યું તો એ મોતી બહાર નીકળ્યું જ નહી. મૂર્તિને આડી-ઉભી, ઉંધી-ચત્તી કરી પણ મોતી ક્યાંથી બહાર નાં આવ્યું. એટલે કાલિદાસે કહ્યું કે આ મૂર્તિની કિંમત અનમોલ છે. રાજાએ કાલિદાસને પૂછ્યુ કે તમે કેવી રીતે મૂર્તિઓની પરખ કરી? કાલિદાસે રાજાને મૂર્તિઓની કરેલ પરખ સમજાવતા કહ્યું કે જે માનવી જ્ઞાન રૂપી મોતીને એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાંખે છે તેની કિંમત કોડી સમાન છે. જે માનવી જ્ઞાન રૂપી મોતીને સાંભળ્યા બાદ બીજાને વાણીથી કહે છે તેની કિંમત સો દોકડાની ગણાય છે. પરંતુ જે માણસ જ્ઞાન રૂપી મોતીને સાંભળ્યા બાદ જ્ઞાનધનને ધારણ કરીને પચાવીને બુદ્ધિમાં ઉતારી દે છે તેની કિંમત અણમોલ અમૂલ્ય છે. જ્ઞાનવાન હોય અને સાથે વિવેકધન ઉપયોગ કરી નિર્ણય લઈ કાર્ય કરે છે, તે બુદ્ધિવાન પણ હોય.

જ્ઞાન પોલા-ખોખલા શબ્દોમાં વસતુ નથી. તે

તો અંતઃસ્ફૂરણાનો વિષય છે. જ્ઞાન નિષ્ઠા વગર સંભવિત નથી. એકલવ્યને જન્મ આપનાર ગુરુદ્રોણ નહીં, એતો એકલવ્યની નિષ્ઠા હતી. જ્ઞાન ગંગોત્રી જેવું પવિત્ર હોય છે તેમાં વિવેકબુદ્ધિ ભળતા અન્યને પણ પવિત્ર બનાવે છે.

જ્ઞાન અંધશ્રધ્ધા દ્વારા નહીં, સાચી શ્રદ્ધાથી મેળવી શકાય છે. આસ્થાનું અમૃત આપણને જ્ઞાનની દિશામાં લઈ જાય છે. જ્ઞાન કદી સાંકડી સરહદોમાં કેદ થતું નથી, એની વિશાળતા તો એટલી વિસ્તરેલી છે એને પૂર્ણપણે તો કોઈ પામી શક્યું જ નથી અને હજી પણ એની ક્ષિતિજ વધુ ને વધુ વિસ્તાર પામી રહી છે.

જ્ઞાનને દંભ સાથે કે દંભી સાથે બનતું નથી, પણ દુઃખની વાત એ છે કે ઘણીવાર કહેવાતુ જ્ઞાન દંભનો અંચળો ઓઢીને આવે છે. આપણે એવા અંચળાને ન આવકારીને જ સાચા જ્ઞાનનું મૂલ્ય વધારી શકીએ સાચા જ્ઞાનવાન બની શકીએ આપણે આપણા જ્ઞાનની ક્ષિતિજ આપણા માટે જ નહીં અનેક માટે વિસ્તારીએ એમાંજ પ્રતિષ્ઠા છે જ્ઞાનની નિષ્ઠા છે. ઈશ્વરીય જ્ઞાન એટલે મન-બુદ્ધિને અપાતો આધ્યાત્મિક સ્પર્શ. હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? મારું અસલી ઘર ક્યાં છે? મુજ આત્માના પિતાનો પરિચય શું છે? ક્યાંથી સૃષ્ટિ-પર આવ્યા છે? ક્યાં જવાનું છે? વિશ્વ ઘડિયાળમાં કેટલા વાગ્યા છે? કલ્પવૃક્ષ શું છે? રાજયોગનો અભ્યાસ શા માટે? આવા ઈશ્વરીય જ્ઞાનની ગહરાઈનાં મુખ્ય જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો એને ઈશ્વરીય જ્ઞાનથી જ સમજી શકાય અનુભવ કરી શકાય.

મિત્રો, જ્ઞાનરત્નોને ઈશ્વરીય જ્ઞાન સાથે એની પાત્રતા વધારીએ.પરમાત્માના રાજ-યોગની રૂહાની મહેંક એમા ઉમેરીએ તો વિવેકબુદ્ધિ સભર જે અનુભવ થશે એ અલૌકિક હશે આપણે એવા ચૈતન્ય રુહાની મહેંકના પુષ્પ બની એ મહેંક આપણા સહ પરિવારને પણ અનુભવ કરાવીએ એવી શુભ ભાવના સાથે ...

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 31નું અનુસંધાન)... 21મી સદીની**

અવિચળ રાખીએ કે પેલી વ્યક્તિનો ઈર્ષ્યાભાવ આદરભાવથી અંજાઈને ખતમ થઈ જાય!

કહેવાય છે કે, 'ભગવાનને અપને જૈસા હર એક ઈન્સાન બનાયા યે જૂઠ કિસને ફૈલાયા? યે પાપ કહાં સે આયા?' સ્વર્ગીય દેવી દેવતાને આપણે ભગવાન માનીને પૂજીએ છીએ ને? તે ઈશ્વરની જ રચના છે. તેનામાં કેવો આદરભાવ છે કે સૌ તેના મંદિરે જાય છે. જૂઠાણું, પાપ, ઈર્ષ્યાભાવ એ તો માયાવી રાવણની દેણ છે. દિવ્ય ગુણધારી દેવતા જેવો માનવ તેના પ્રભાવમાં આવી દેવ મટી દાનવ બની ગયો છે. જ્યારે તેની દાનવતા ચરમસીમાએ પહોંચે છે ત્યારે ઈશ્વર આ ધરતી પર આવી આવા દાનવને ફરી દેવ બનાવવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરે છે. ઈશ્વરીય વિદ્યાલયમાં હર કોઈ કોઈપણ જાતના ભેદભાવ વિના આવી શકે છે. કેમ કે આપણા સૌના પરમપિતાનું એ વિદ્યાલય છે જ્યાં સૌનું હાર્દિક સ્વાગત કરવામાં આવે છે.

ભલેને કોઈ આપણી ઈર્ષ્યા કરે.. ઈશ્વર તો આપણો આદર કરે છે ને? ચાલો, ઈર્ષ્યાળુને આશીર્વાદરૂપી શુભભાવનાની ભેટ ધરીએ કે.. 21મી સદીની 21મી સાલ કહે છે કે, વારસો પૂરા 21 જનમનો જો જો એ ચૂકાય નહીં. કામ, ક્રોધ, મદ, લોભ, મોહની માયામાં ફસાય નહીં. લક્ષ્ય લક્ષ્મી-નારાયણનું જો જો એ વિસરાય નહીં, હું આત્મા સંતાન શિવનું, એ સ્મૃતિ ભૂંસાય નહીં, વારસો પૂરા 21 જનમનો જો જો એ ચૂકાય નહીં.

**॥ ઓમશાંતિ ॥**

# 21મી વર્ષનો પુરુષાર્થ 21 જન્મોનું વીમા કવચ

બ્ર.કુ. કેશુભાઈ ડી. પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

લૌકિક જીવનમાં, માનવ શરીર, વાહન મકાન, ખેતી પાક, ફેક્ટરી વગેરેના વીમા લઈ સુરક્ષા અને નિશ્ચિંતતાની પ્રાપ્તિ કરાય છે. મનુષ્યાત્મા પોતાના શરીરનો વીમો ઉતરાવે છે, વીમા કંપનીઓ વીમાધારકને દેહનું આર્થિક સુરક્ષા કવચ આપે છે. દેહધારી દેહનો વીમો લે છે પરંતુ આત્માનો વીમો કોઈએ લીધો? કંઈક નવી વાત લાગે છે ને?

સૃષ્ટિચક્રમાં સંગમયુગના સમયે આત્માને સુખ શાંતિ અને સમૃદ્ધિભર્યું જીવન જીવવા માટે વીમા કવચ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા પરમપિતા પરમાત્મા ભગવાન શિવે કરી છે. વીમો સંગમયુગના સમયે ઉતરાવવાનો રહેશે. પ્રાપ્તિ સતયુગ અને ત્રેતાયુગમાં થશે. સતયુગના 8 જન્મ, ત્રેતાયુગના 12 જન્મ અને બ્રાહ્મણ જીવનનો સંગમયુગના સમયનો છેલ્લો જન્મ, એમ 21 જન્મોનું વીમકવચ આ વીમાધારક બ્રાહ્મણ આત્માને મળશે. લૌકિક દેહધારકને દેહનો વીમો ઉતરાવવા પ્રિમિયમ રોકડમાં ચૂકવવું પડે છે. આત્માને અલૌકિક વીમો લેવા અલૌકિક પ્રિમિયમ ચૂકવવું પડશે જેમ કે (૧) શિવબાબાની યાદ (૨) જ્ઞાનધારણા (૩) યોગ તપસ્યા (૪) રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ સેવા (૫) શ્રેષ્ઠ સત્કર્મો કરવાના રૂપમાં લૌકિક જીવન વીમો એક જન્મ પૂરતો હોય છે. પરંતુ આ અલૌકિક વીમો 21 જન્મો સુધી વીમા-સુરક્ષાકવચ પૂરું પાડશે. જૂની દુનિયામાં વીમો ઉતરાવો અને નવી દુનિયામાં સુખ શાંતિ અને સમૃદ્ધિઓ મેળવો. જૂની દુનિયામાં મૃત્યુ ક્યારે થશે? કેવી રીતે થશે? ખબર નથી માટે જ વીમા-પોલિસી લેવી પડે છે. નવી દુનિયામાં - સતયુગ ત્રેતાયુગમાં જન્મોમાં શરીરને રોગ નહિ થાય, અકાળે, અકસ્માતથી અસાધ્ય રોગોથી મૃત્યુ નહિ થાય ત્યાં કેન્સર કે કોરોના વાયરસના રોગ નહિ હોય. લૌકિક જીવનવીમામાં વીમાધારક અને વીમા કંપની વચ્ચે એજન્ટ આવે છે. પરંતુ આ અલૌકિક વીમામાં આત્મા અને પરમાત્મા વચ્ચે કોઈ એજન્ટ નહિ હોય. શિવબાબાએ રચેલા જ્ઞાનયજ્ઞને આત્મા સુધી પહોંચાડવા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય વચ્ચે આવશે પરંતુ એજન્ટના સ્વરૂપમાં નહિ. લૌકિક જીવનવીમાની પોલિસી વીમા કંપની આપે છે. આત્માના અલૌકિક વીમાની પોલિસી સ્વયમ્ ભગવાન શિવ આપે છે.

આ અલૌકિક વીમો લેવા આત્માએ શું કરવું પડે? 1. જે બ્રાહ્મણ આત્માઓ સતત શિવબાબાની યાદમાં રહેતા હોય, દરેક કર્મ કરતાં પહેલાં બાબાને યાદ કરીને પછી કર્મ કરે, કર્મયોગી બને, ધંધા નોકરી પર જતાં બાબાને યાદ કરે, દર કલાકે ક્ષણિક સમય અંતરાલમાં બાબાને યાદ કરે, રોજીન્દી જીવનશૈલીમાં પણ બાબાને યાદ કરે. 2. રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં યથાશક્તિ સેવાઓ આપે તન,મન, ધનથી સેવા કરે, મનસા વાચા કર્મણા સેવા કરે. 3. વહેલી સવારના અમૃતવેળા અને સાંજના નુમાશામ યોગ તપસ્યા કરી સ્વપરિવર્તન કરી વિશ્વ પરિવર્તન કરવાની સેવા કરે, પ્રકૃતિની સેવા કરે, જરૂરતમંદ આત્માઓને શાંતિદાન, પવિત્રતાનું દાન, ગુણદાન, જ્ઞાનદાન, શક્તિદાન કરી સેવા કરે. 4. બાબાની મુરલી નિયમિત સાંભળી/વાંચી સમજી આચરણ કરી, જ્ઞાન-

(અનુસંધાન પેજ નં. 21 પર)

## 21મી સદીની 21મી સાલ કહે છે કે..

# વારસો પૂરા એકવીસ જનમનો, જોજો એ ચૂકાય નહીં.

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

ઈશ્વરીય કાયદો છે કે 'ઔરોં કો આગે કરનેવાલા ખુદ આગે નિકલ જાતા હૈ' આપણે આ કાયદા મુજબ અન્યને આગળ કરીશું અર્થાત્ આદર આપીશું તો આપણે આપણી ઉન્નતિના આરાધક બનીશું. પરંતુ જો એ ઈશ્વરીય કાયદાનો જ અનાદર કરીશું તો આપણે જ આપણી અવનતિ કરવા માટે નિમિત બની જઈશું. તેથી જ કહેવાયું છે કે મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર અને પોતે જ પોતાનો શત્રુ છે!

આપણને આપણી ઉન્નતિ કરવા કોણ રોકે છે? અલબત્ત એક માત્ર 'માયા' જ, ખરું? આ માયાને જ રાવણ કહે છે જે નર નારીના 5+5 મનોવિકારોનું જ પ્રતીક છે. કોઈને આગળ કરનાર પોતે અન્યથી આગળ નીકળી જવાનું ઈનામ ઈશ્વર તરફથી મેળવી જાય છે. કોઈને આગળ કરવા એટલે તેનો આદર કરવો. આ તકે અંતર્મુખી બની આપણે જાતને સવાલ પૂછીએ કે આપણે કોઈનો અનાદર તો નથી કરતા ને? કોઈનો આદર કરવાને બદલે જો તેનો અનાદર કરીએ તો સ્વમાની માણસ શું આપણા સેંટરમાં આવે? આ સેન્ટર ઈશ્વરીય સેવા કેન્દ્ર કહેવાય છે. સેવા તો આદરભાવથી જ કરાય ને? જો આ આદરભાવનો અનાદર કરીએ તો તો પછી ઈશ્વરીય સેવા ક્યાંથી થાય? કેમ કે ઉક્તિ છે કે

આવ નહીં, આદર નહીં, નહીં નયનોં મેં નેહ, તે ઘર કદી ન જાઈએ, ભલે કંચન વરસે મેહ.

ભૌતિક ઝાકઝમાળથી સ્વમાની માણસ અંજાતો નથી. ઈર્ષ્યા ભાવ આપણને આદરભાવ કરવા દેતો નથી. મારાથી એ આગળ થઈ જશે તો? આ ઈર્ષ્યાભાવ બીજાની તો પ્રગતિ રૂંધવાનું કામ કરે પણ પોતાનું તો પહેલાં નુકસાન કરે છે. આ માટેનું એક રમુજી દૃષ્ટાંત છે.

એકવાર કોઈ ભક્તને ભગવાન પ્રસન્ન થઈ કહે, 'માંગ, માગ. તું માગે તે વરદાન આપું.' પરંતુ ભક્તની પરીક્ષા કરવા કહ્યું, 'એક શરત છે કે જે તું માંગીશ તેનાથી ડબલ તારા પડોશીને મળશે.' ભક્ત વિચારમાં પડી ગયો. શું મારાથી વધુ મારા પડોશીને મળે? એને તો હું ખબર પાડી દઉં. ઈર્ષ્યા ભાવથી કહે, 'મારી એક આંખ ફોડી નાંખો. જેથી તેની બન્ને ફૂટી જાય!' આ તે કેવો ઈર્ષ્યા ભાવ? 'હું મરું પણ તને રડાવું કરું!' આવી હીન ભાવના. આવો ઈર્ષ્યા ભાવ આપણને 21 જન્મને ઈશ્વરીય વારસો ક્યાંથી લેવા દે?

ઈર્ષ્યા એ તો ઝેર છે જ્યારે આદરભાવ એ તો અમૃત છે જેમાં પ્રેમ છે. આવું જ્ઞાન રૂપી અમૃત અપાય છે ઈશ્વરીય વિદ્યાલયમાં પરંતુ એ જાણ્યા પછી પણ આપણામાં આદરભાવ ન પ્રગટે તો ઈશ્વર આપણને 21 જન્મનો વારસો આપે?

કલિયુગી દુનિયામાં તો એકબીજાના ટાંટીયા ખેંચતા જોવા મળે છે.. શું તે સંગમયુગી ઈર્ષ્યાળુ બ્રાહ્મણની યાદગાર તો નહીં હોય ને? આપણે તો 21 જન્મનો સ્વર્ગીય વારસો લેવો છે તેથી આપણને ઈર્ષ્યાળુ થવાનું પાલવે નહીં અને શોભે પણ નહીં.


કોઈનામાં અદેખાઈનો આસુરી ગુણ હોય તો તેના સ્વભાવના પ્રભાવમાં આવી જઈ આપણે એના જેવું ન થવાય. જો થઈએ તો આપણામાં અને એનામાં ફેર શું? આપણે આદરભાવ એવો તો

(અનુસંધાન પેજ નં. 29 પર)

# જ્ઞાન સરોવર, માઉન્ટઆબુ અનુભવ

બ્ર.કુ. સતીદેવી વારિયર, નિરૂલ, નવી મુંબઈ

## જ્ઞાનજળમાં ડૂબકી લગાવતાં થઈ સ્વર્ગિક અનુભૂતિ




ધરતી પર સ્વર્ગનો અનુભવ પ્રાપ્ત કરવા માટે શિવબાબા દ્વારા આપવામાં આવેલો એક અમૂલ્ય સંયોગ જ કહી શકીએ છીએ. આ યાત્રાનો આબુ પર્વત સ્થિત જ્ઞાન સરોવરની આ સફર સહયોગીયોની સાથે બહુજ આનંદપૂર્વક અમે શરૂ કરી. પર્વતીય ચઢાઈ બસ દ્વારા ઘણી જ રોમાંચક રહી. ગાઢ જંગલો, ઊંચા ઊંચા પર્વતો અને ટેકરીઓ વચ્ચે ફૂલો અને જુદી જુદી જાતનાં વૃક્ષોના પાંદડાઓની મહેંકતી ખૂશ્બુથી સમગ્ર વાતાવરણ સુગંધિત રહ્યું. આ મનોહારી યાત્રામાં મનમાં એક વાત ઉઠી કે કાશ, સુહાના સફર કદી સમાપ્ત ના થાય. પરંતુ આદિ છે તો અંત પણ છે. છેવટે અમે લોકો એ પાવનનગરીમાં પહોંચી ગયાં. અમને લોકોને સેવાધારીઓએ રહેવાની ઉત્તમ વ્યવસ્થા આપી. ઓરડાની બાલ્કનીનો દરવાજો ખોલતાં જ સુંદર, અચલ, ગંભીર અરવલ્લી પર્વતમાળાનું નયનાભિરામ દૃશ્ય જોઈને અમારી આંખો ભરાઈ આવી. કોઈએ કહ્યું છે કે પર્વત કઠોર છે. અરાવલીના દૃઢ, ગંભીર, મનોહરરૂપને જોતાં અમને લાગ્યું કે આ બહુ પ્રેમથી સુગંધિત શીતળ પવનથી અમારું સ્વાગત કરી રહ્યાં છે.

પછી શરૂ થયો અમારો નિત્યનો યોગાભ્યાસ, બ્રહ્માકુમારી બહેનોના અમૂલ્ય ઉપદેશો અને ભાઈઓના વચનામૃતે અમને મંત્ર મુગ્ધ કરી દીધા. એમની મધુર વાણી દ્વારા અમૃતપાનથી વધારે મીઠાશની અનુભૂતિ થઈ. એમનું ભાષણ સાંભળીને પૂરો હોલ તાળીઓના ગડગડાહટથી ગુંજી ઉઠ્યો. અમને સમયનો અહેસાસ સદા બોલાવી રહ્યો ભાઈઓ અને બહેનોના પ્રવચનો દરમિયાન. સર્વ ભાઈ-બહેનોના ઉપદેશ સાધારણ લોકોને સમજવા અને જીવનમાં ઉતારવા લાયક પ્રેરણાદાયી રહ્યો. જ્ઞાન સરોવરના જ્ઞાન જળમાં ડૂબકી લગાવીને થયેલી સ્વર્ગિક અનુભૂતિના 3 દિન આંખની પાંપણોની જેમ વીતી ગયો. છેલ્લા દિવસે અમે નગરીને જોવાનો કાર્યક્રમ બનાવ્યો.

છેવટે એ ઘડી આવી કે અમારી વિદાય થઈ. આ પળ અમારા માટે કઠણ રહી. અમારે વિદાય લેવાની હતી અમારા ભાઈ બહેનો પાસેથી, અમારા શિવબાબાથી, અમારી સ્વર્ગ તુલ્ય પાવન નગરીથી. મન ઉદાસ થઈ ગયું પણ જવાનું અનિવાર્ય હતું. વાસ્તવમાં આ ભાઈબહેનોની નિઃસ્વાર્થ સેવા જોઈને નિર્મળ મનોભાવનાથી પીરસવામાં આવતું ભોજન ગ્રહણ કરીને અમારા મનમાં પણ એ ભાવના જાગૃત થઈ કે કાશ, અમને પણ એમના જેવી નિર્મળભાવથી સર્વની સેવા કરવાની તક શિવબાબાના આશીર્વાદથી મળી જાય પરંતુ અમે મજબૂર હતા. અમારે પોતાના કર્મની જવાબદારી નિભાવવાની છે. છતાં પણ અમે મન હી મન એમને, મહાનુભાવોની સેવાને નમન

(અનુસંધાન પેજ નં. 27 પર)

## દિવ્યદર્શન

# અમૂલ્ય વિરાસત આપણી માનવતા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

વર્ષોથી થયેલા વૈજ્ઞાનિક સંશોધન, એન્જિનીયરીંગ, ઉપચારશાસ્ત્ર તેમજ ભૌતિક સમૃદ્ધિના સાધનો હોવા છતાં આપણે જોઈએ છીએ કે, આજે પોતાને આધુનિક સમજતા મનુષ્યમાંથી માનવતાનું પતન થઈ રહ્યું છે, માનવતાનું અનુક્રમે અધઃપતન થઈ રહ્યું છે. હાં જી, આજે, માણસ માણસનો દુશ્મન થઈ ગયો છે. સભ્યતાનો ઢોંગ કરીને, શ્વેત વસ્ત્રોથી આડમાં એવા તે દુષ્કર્મ કરી રહ્યો છે, કે જેને જોઈને એવું લાગે કે, જાણે એની અંદર બર્બર યુગથી સૂતેલો હેવાન ફરી જાગૃત થઈ ગયો છે. આપણા શાસ્ત્રોના મત મુજબ પૂર્વ જન્મોના કર્મોના પરિણામ સ્વરૂપે આ જન્મમાં ખરાબ અને સારા ફળોની પ્રાપ્તિ થાય છે. એટલે ઉચ્ચ કોટિના સત્કર્મ કરવાથી જીવાત્મા સારા કુટુંબમાં જન્મ લે છે, તેમાં પણ કોઈ જ્ઞાની અને શુભ કર્મ કરનારને ત્યાં જન્મ લેવો તે અતિ સૌભાગ્યનું લક્ષણ છે. ગીતામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, 'અનેક જન્મ સંસિદ્ધિ તતોઃયાન્તિ પરાંગતિમ્' અર્થાત્ પોતાના પૂર્વ જન્મોના સંચિત કર્મોનું ફળ ભોગવવા માટે જ જીવાત્મા ભૌતિક શરીરમાં જન્મ લે છે અને સંસારમાં ભ્રમણ કરતાં કરતાં તે ભવિષ્યને માટે 'ક્રિયામાણ-કર્મ' કરતો રહે છે. આનો અર્થ એમ થયો કે મનુષ્ય જેવું કર્મ અત્યારે કરશે, એવું જ ફળ ભવિષ્યમાં પ્રાપ્ત થશે.


સરળ શબ્દોમાં જો માનવતાને વ્યાખ્યાયિત કરવી હોય, તો એમ પણ કહી શકાય કે, પોતાના આંતરિક સદ્‌ગુણોનો વિકાસ કરી, પ્રત્યેક માનવ સાથે સદ્‌વ્યવહાર કરવો અને અન્યોના આંતરિક સુશુપ્ત સદ્‌ગુણોને જાગૃત કરવા, એ જ સાચી માનવતા છે. પરંતુ આજે આપણે સહુ ભૂખ્યાને રોટલો ખવડાવવો ને તરસ્યાને પાણી પીવડાવવું આને જ માનવતા સમજીએ છીએ. પણ શું આનાથી દુનિયામાં ભૂખ્યા-તરસ્યા લોકોની સંખ્યા ઘટી ગઈ? કદાચ નહીં, તો શું આપણે ભૂખ્યાને રોટલો અને તરસ્યાને પાણી પીવડાવવાનું છોડી દઈએ? બિલકુલ નહીં, ક્યારેય નહીં. ભારતીય સંસ્કૃતિ તો આપણને શીખવાડે છે કે, આપણી પાસે જો એક જ રોટલી હોય, તો એમાંથી અડધી આપણે કોઈ ભૂખ્યાને ખવડાવીને તેના આશીર્વાદના પાત્ર બનવું જોઈએ. પરંતુ આજે સમાજની સ્થિતિ થોડીક વિચિત્ર થઈ ગઈ છે. ખાસ માનવતાપ્રેમીઓએ આ બાબત ધ્યાન ઉપર રાખવાની આવશ્યકતા છે કે, ભૂખ્યાને અન્નનું દાન, દીન-હીનને ધનનું દાન કરવાની પણ આવશ્યકતા છે. જે પોતાને પ્રાપ્ત થયેલ ભૌતિક ધનનો સદુપયોગ કરી શકે. એની સાથે સાથે તે દીન-હીનમાં કર્તવ્યનિષ્ઠા, કર્મઠતા, સ્વનિર્ભરતા, સ્વાભિમાન તેમજ આત્મવિશ્વાસ વગેરે જેવા ગુણોનું બીજારોપણ કરવું પણ અતિ આવશ્યક છે. અન્યથા પરિણામ એ આવશે કે, આપણે તો પોતાની માનવતાની ફરજ અદાઈ અર્થ દાન દેતાં રહીશું અને સામેવાળાની મહેનત વગર ફક્ત લેવાની એક આદત દૃઢ થતી જશે. તે કર્મોની ગહન ગતિથી સાવ જ વંચિત રહી જશે, ધીરે-ધીરે તેની અંદર આળસ, બેજવાબદારી, નિરુત્સાહપણું, અયોગ્યતાના જેવા સંસ્કારો વધતા જશે. અતઃ આપણે સદૈવ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે, માનવતાના આપણા ક્ષણિક પ્રદર્શનને કારણે ક્યાંક કોઈનું સદાને માટે

અકલ્યાણ ના થઈ જાય. મનુષ્ય જીવનનું યોગ્ય મૂલ્યાંકન કરનારા આપણા ઋષિઓએ આપણને શીખવ્યું છે કે, હે મનુષ્ય, તું સાચા અર્થમાં માનવ બન, તારું લક્ષ્ય માત્ર આત્મવિશ્વાસ જ ના હોય. તું માત્ર મનુષ્ય બનીને સંતુષ્ટ ના રહેતો, અપીતુ પોતાના જીવન દ્વારા દિવ્યતા અને માનવતાનો પ્રવાહ ક્યારેય ક્યાંય થોભે નહીં અને ન ક્યાં સુકાય. મનુષ્ય જીવનનું રહસ્ય આ એક મંત્રમાં છુપાયેલું છે. માટે એને જાગૃત કરવાની આજે તાતી જરૂર છે. આ માનવતા આપણા પૂર્વજોની દેન છે. આપણી વિરાસત છે, અતઃ એના જતન અને રક્ષણની જવાબદારી આપણી સૌની જ છે.

॥ ઓમશાંતિ ॥

**દાદી હૃદયમોહિનીજીના અવ્યક્ત થયા પછી, યજ્ઞના કારોબારનું સુવ્યવસ્થિત સંચાલન માટે મેનેજમેન્ટ કમિટી દ્વારા નિમણૂંક કરવામાં આવેલ સંસ્થાના હોદ્દેદારો..**

**મુખ્ય પ્રશાસિકા**
**Administrative Head**



**દાદી રતન મોહિનીજી**

**અધિક મુખ્ય પ્રશાસિકા**
**Additional Administrative Head**




**બ્ર.કુ. મોહિનીદીદી, ન્યૂયોર્ક**

**સંયુક્ત મુખ્ય પ્રશાસિકા - Joint Administrative Heads**




**બ્ર.કુ. મુન્નીબેન**
**શાંતિવન**



**બ્ર.કુ. ડો. નિર્મલાબેન**
**જ્ઞાનસરોવર**



**બ્ર.કુ. શશીપ્રભાબેન**
**પાંડવભવન**



**બ્ર.કુ. સંતોષબેન**
**મુંબઈ**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જૂન–૨૦૨૧ માસની શબ્દાવલી ભાગ–૮ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૯ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં ઓગષ્ટ–૨૦૨૧ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૯ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૯

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | | ■ | 3 | 4 | 5 | | ■ |
| 6 | | ■ | ■ | 7 | ■ | 8 | | ■ | 9 |
| | ■ | 10 | 11 | | ■ | | ■ | 12 | |
| ■ | 13 | ■ | 14 | | | ■ | 15 | ■ | |
| ■ | | ■ | 16 | | ■ | 17 | | ■ | |
| 18 | | | ■ | ■ | ■ | ■ | 19 | | |
| | ■ | ■ | 20 | | 21 | | | ■ | ■ |
| 22 | | ■ | | ■ | | ■ | ■ | 23 | 24 |
| | ■ | 25 | | ■ | 26 | 27 | | ■ | |
| 28 | | | | ■ | 29 | | ■ | 30 | |

## શબ્દાવલી ભાગ-૮ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 જ | 2 ગ | 3 દં | 4 બા | 5 સ | ર | 6 સ્વ | તી | ■ | 7 વિ |
| 8 ગ | રી | ■ | 9 બા | ર | ■ | રૂ | ■ | 10 અ | શ્વ |
| 11 ત | બ | 12 લા | ■ | લા | ■ | 13 પ | 14 ર | ■ | યો |
| મા | ■ | 15 ત | ક | દી | ર | ■ | 16 સ | ળં | ગ |
| 17 તા | 18 ર | ■ | ■ | દી | ■ | 19 છા | પું | ■ | દિ |
| ■ | જ | ■ | 20 અં | જી | ર | ■ | રી | ■ | વ |
| 21 સ | ત | 22 યુ | ગ | ■ | ■ | 23 પ્રા | ■ | 24 રે | સ |
| ર | ■ | વા | ■ | 25 લૉ | ■ | ણા | ■ | ખા | ■ |
| 26 ગ | 27 ગ | ન | ■ | ■ | 28 વ્યા | યા | 29 મ | ■ | 30 ર |
| 31 વો | ક | ■ | 32 જૂ | ન | ■ | 33 મ | હા | ર | થી |

### આડી ચાવીઓ:–

૧. અષાઢી બીજે નીકળે (૪)
૩. ....., નિર્વિકારી, નિરંહકારી (૪)
૬. મોકો (૨)
૮. અબ ..... ઘર જાના હૈ (૨)
૧૦. હિંમત, નિર્ભય (૩)
૧૨. 'ગુડ' અંગ્રેજી શબ્દનું ગુજરાતી (૨)
૧૪. સુરત અને ..... એક સમાન (૩)
૧૬. ..... મસ્તક (૨)
૧૭. બડી દીદીનું લૌકિક નામ (૨)
૧૮. .....ની જોડ સખી નહિ જડે રે લોલ (૩)
૧૯. ચાંદો (૩)
૨૦. મનપસંદ, લોકપસંદ, ..... (૫)
૨૨. .... વિથ ઓનર (૨)
૨૩. સ્વપ્ન (૨)
૨૫. અવાજ (૨)
૨૬. અષાઢી બીજે ખેડૂત કરે (૩)
૨૮. વિદાય (૪)
૨૯. લોહી (૨)
૩૦. ગરીબ (૨)

### ઊભી ચાવીઓ:–

૧. પ્રભુ .... ધન પાયો (૩)
૨. રાત કે રાહી .... મત જાના (૨)
૩. કૃષ્ણ, મોહન, નંદલાલ (૩)
૪. આત્મા ડ્રાઈવર, શરીર..... (૨)
૫. એક્સરસાઈઝનું ગુજરાતી (૪)
૯. અષાઢ સુદ, પૂનમ એટલે (૫)
૧૧. સાજન મેરા .... મુસાફિર (૩)
૧૩. હૃદયપુષ્પા દાદીનું લૌકિક નામ (૩)
૧૫. એક તપસ્વી રાજા (૪)
૧૮. કુમારીઓ દ્વારા કરાતું વ્રત (૨)
૨૦. પ્રશ્નોતરી, ક્વીઝ (૪)
૨૧. ઈશ્વરીય .... (૪)
૨૪. પાણીમાં તરતું પક્ષી (૩)
૨૫. ધૂળ (૨)
૨૭. સમય (૨)

*Gyan Amrit* Vol.15 | Issue 7 | July 2021| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજયોગિની સરલાદીદીના દ્વિતીય સ્મૃતિદિવસે ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે યજ્ઞના પ્રથમ મુખ્ય પ્રશાસિકા માતેશ્વરી જગદંબા સરસ્વતીની અદભુત યાદગાર સ્વરૂપે નવનિર્મિત 'મમ્મા ધ્યાનકક્ષ'નું લોકાર્પણ સંસ્થાના સંયુક્ત મુખ્ય પ્રશાસિકા રાજયોગિની ડૉ. નિર્મલાદીદીજીના કરકમલોથી રીમોટ કંટ્રોલ દ્વારા સંપન્ન થયુ. મમ્મા ધ્યાનકક્ષમાં જ્યોતિ પ્રગટાવતાં બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ડૉ. મુકેશભાઈ સાથે વરિષ્ઠ બહેનો તથા મુખ્ય ભાઈઓ.



મહેસાણા ગોડલી પેલેસ ખાતે ૫મી જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસે' આયોજીત કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરતાં ભ્રાતા એડિશનલ કલેક્ટર ભ્રાતા પ્રદીપસિંહ રાઠોડ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભગિની કિંજલબેન, ગણપત યુનિવર્સિટીના ફાર્મ મેનેજર ભ્રાતા અશ્વિનભાઈ, નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન, બ્ર.કુ. સરલાબેન. વૃક્ષારોપણ બાદ સ્નેહમિલનમાં શુભેચ્છા પ્રદાન કરતાં નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન.




પાસોદરા સેવાકેન્દ્ર દ્વારા ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના ઉપલક્ષ્યમાં પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમમાં બ્ર.કુ. હર્ષાબેન સાથે ઇશ્વરીય પરિવારના યુવા બ્રહ્માવત્સો.




રાજકોટ ખાતે હેપ્પી વિલેજ રીટ્રીટ સેન્ટરમાં રોટરી ક્લબ ઑફ રાજકોટ પ્રાઈમના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ પર્યાવરણ દિવસે' પ્રમુખ વિશાલભાઈ, સેક્રેટરી મેહુલભાઈ, બ્ર.કુ. રેખાબેન તથા સાથીઓએ ૫૦ વૃક્ષોનું વાવી તેનું જતન કરવાની પ્રતિજ્ઞા કરી.